અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ જુલાઈ ૨૦૨૩, રવિવાર | વર્ષ : ૧૪ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, અષાઢ વદ સાતમ | અંક : ૩૩૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### પોલિંગ બૂથમાં તોડફોડ અને બેલેટ પેપરને આગ લગાડવાની ઘટના બની

# પશ્ચિમ બંગાળની પંચાયતની ચૂંટણીમાં ભારે હિંસા થઇ, ૧૪ લોકોનાં મોત

## ચૂંટણીના પરિણામ ૧૧ જુલાઇએ, કેન્દ્રીય દળોની ૪૮૫ કંપનીઓ તૈનાત, હિંસા રોકવા આ કંપનીઓના ૬૫,૦૦૦ જવાન હાજર છતાં ઠેર-ઠેર હિંસા

। કોલકાતા, તા.૮ ।

આજે પશ્ચિમ બંગાળમાં પંચાયતની ચૂંટણી યોજાઈ રહી છે. ચૂંટણીમાં હિંસાની આશંકા વચ્ચે ભારે સંખ્યામાં સુરક્ષાદળને તૈનાત કરવામાં આવ્યા છે. તેમ છતા અલગ અલગ જગ્યાએ હિંસક અથડામણની ઘટનાઓ સામે આવી છે જેમાં ૧૪ લોકોના મોત થયા છે. કૂચબિહારમાં એક પોલિંગ બૂથમાં તોડફોડ અને બેલેટ પેપરને આગ લગાડવાની ઘટના સામે આવી છે. રાજ્ય ચૂંટણી પંચ અનુસાર, ૨૨ જિલ્લાની ૬૩,૨૨૯ ગ્રામ પંચાયત બેઠક, પંચાયત સમિતીની ૯,૭૩૦ બેઠક અને જિલ્લા પરિષદની ૯૨૮ બેઠકો પર ચૂંટણીના ઉમેદવારોનું નસીબ દાવ પર છે. ચૂંટણીના પરિણામ ૧૧ જુલાઈએ આવશે. બંગાળમાં પંચાયત ચૂંટણી માટે વોટિંગ દરમિયાન કૂચબિહારના સીતાઈમાં બારાવિટા પ્રાઈમરી સ્કૂલમાં મતદાન કેન્દ્રમાં તોડફોડ કરવામાં આવી હતી અને બેલેટ પેપરમાં આગ લગાવવામાં આવી છે. બીજી તરફ પશ્ચિમ બંગાળ પંચાયત ચૂંટણીમાં કૂચબિહારમાં એક શખ્સ બેલેટ બોક્સ લઈને ભાગી ગયો હતો. વોટોની ચોરીનો આ વીડિયો પોલીસ-તંત્ર અને સુરક્ષા વ્યવસ્થા પર સવાલ ઉભા કરે છે. પશ્ચિમ બંગાળમાં આજે ત્રિ-સ્તરીય પંચાયત ચૂંટણી માટે મતદાન થયું છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા બંગાળ પંચાયતની ચૂંટણીને રાજ્યમાં લિટમસ ટેસ્ટ તરીકે જોવામાં આવી રહી છે. આ ચૂંટણીઓમાં, જિલ્લા પંચાયતો, પંચાયત સમિતિઓ અને ગ્રામ પંચાયતોની લગભગ ૭૪,૦૦૦ બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. રાજ્યમાં પંચાયતની ચૂંટણી માટે મતદારોની સંખ્યા લગભગ ૫.૬૭ કરોડ છે. મતદાનના દિવસે પણ હિંસાનો સિલસિલો યથાવત છે. મળતી માહિતી મુજબ ઉત્તર ૨૪ પરગણાના બાસુદેબપુરમાં મતદાન મથક પર જતા સમયે રાજ્યપાલ સીવી આનંદ બોઝને સીપીઆઈએમના કેટલાક ઉમેદવારોએ રોક્યા જેમણે તેમને તેમની સમસ્યા જણાવી. ગવર્નરે અટકીને તેમની વાત સાંભળી હતી. પશ્ચિમ બંગાળમાં પંચાયત ચૂંટણી પહેલા અથડામણમાં વધુ ૭ રાજકીય કાર્યકરોના મોત થયા છે. કૂચબિહારના તુફનગંજમાં મોડી રાત્રે ટીએમસી કાર્યકરની હત્યા કરવામાં આવી હતી. ટીએમસીએ ભાજપ પર આરોપ લગાવ્યો છે. આ પછી કૂચ બિહારમાં જ બીજેપી કાર્યકર માધવ વિશ્વાસની પણ ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તે જ સમયે, મુર્શિદાબાદના બેલડાંગામાં ટીએમસી સમર્થકની હત્યા કરવામાં આવી હતી. મુર્શિદાબાદના ખારગ્રામમાં ટીએમસી કાર્યકર સબીરુદ્દીનની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

સબીરુદ્દીન પર કોંગ્રેસ કાર્યકરની હત્યાનો પણ આરોપ હતો. ઉત્તર ચોવીસ પરગણામાં એક અપક્ષ ઉમેદવારના સમર્થકની હત્યા કરવામાં આવી હતી. સીપીએમ કાર્યકર રેબીના બીબીને ગોળી વાગ્યા બાદ મુર્શિદાબાદ મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં તેનું પણ મોત થયું હતું. ઉત્તર બંગાળના

## ન્યૂઝ બ્રિફ

### અમરનાથ યાત્રામાં છેલ્લા બે દિવસમાં છ લોકોનાં મોત



। જમ્મુ, તા.૮ ।

અમરનાથ યાત્રાને લઈને એક ચિંતાજનક અહેવાલ આવ્યા છે. આ યાત્રા દરમિયાન બે દિવસમાં છ લોકો મૃત્યુ પામી ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ વર્ષે અત્યાર સુધીમાં તીર્થયાત્રામાં મૃત્યુઆંક વધીને નવ થઈ ગયો છે. જોકે આ મૃત્યુ કેમ થયા તેના વિશે સત્તાધીશોએ વધુ માહિતી આપી નથી. મૃત્યુનું કારણ વધુ ઊંચાઈ અને ઓછા ઓક્સિજનને કારણે હાર્ટએટેક આવવાને સામાન્ય કારણોમાંનું એક માનવામાં આવી રહ્યું છે.

### ઘરમાં પાળતું પ્રાણીઓ પાળવા માટે રજિસ્ટ્રેશન ફરજિયાત

। લખનૌ, તા.૮ ।

જો તમે પાલતુ પ્રાણી કે બિલાડી પાળવાનો શોખ ધરાવતા હોવ તો આ સમાચાર તમારા માટે કામના છે. ઉત્તર પ્રદેશના કાનપુર કોર્પોરેશને ઘરમાં પાલતુ પ્રાણીઓ પાળવા માટે રજિસ્ટ્રેશન કરાવવુ અનિવાર્ય કર્યુ છે. હવે ઘરમાં મનપસંદ ગાય પાળવા પર પણ રોક લગાવી દેવાઈ છે. હવે તમે ઘરમાં માત્ર બે ગાય જ રાખી શકો છો. આ માટે પણ તમારે રજિસ્ટ્રેશન કરાવવુ પડશે. જોકે, આ માટે કોઈ ચાર્જ ચૂકવવો પડશે નહીં. મેયરની અધ્યક્ષતામાં કાનપુર કોર્પોરેશન કાર્યકારિણીની થયેલી બેઠકમાં પાલતુ પ્રાણીઓના પાલન-પોષણને લઈને ઘણા મહત્વપૂર્ણ પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યા છે. જેના હેઠળ ઘરમાં બિલાડી પાળનારને આ માટે લાયસન્સ લેવુ જરૂરી કરવામાં આવ્યુ છે.

### આદિપુરૂષના રિલિઝના ૨૨ દિવસ બાદ પણ વિવાદ

## લોકોની ભાવનાને ઠેસ પહોંચાડવા બદલ મનોજ મુંતશિરે માફી માગી

### લખનૌ બેન્ચે નિર્દેશક ઓમ રાઉત, નિર્માતા ભૂષણ કુમાર અને ડાયલોગ રાઈટર મનોજ મુંતશિરને સમન્સ પાઠવ્યા

। નવી દિલ્હી, તા.૮ ।

ઓમ રાઉતના નિર્દેશનમાં બનેલી ફિલ્મ 'આદિપુરુષ'ને થિયેટરોમાં રિલીઝ થયાને ૨૨ દિવસ વીતી ગયા છે. પરંતુ ફિલ્મને લઈને કરવામાં આવેલા તમામ દાવા રિલીઝ થયા બાદ નિષ્ફળ ગયા હતા. આદિપુરુષમાં ભગવાન હનુમાનના કેટલાક ડાયલોગ એવી રીતે બોલવામાં આવ્યા છે કે તેનાથી લોકોની ભાવનાઓને ઠેસ પહોંચી છે.

ત્રેતાયુગની કથાને જે રીતે અને જે ભાષામાં બતાવવામાં આવી છે તે લોકોને પસંદ નથી આવી. આ જ કારણ છે કે ફિલ્મનો આંકડો દરરોજ ઘટી રહ્યો છે. આ દરમિયાન હવે 'આદિપુરુષ'ના ડાયલોગ રાઈટર મનોજ મુંતશિરના શૂર બદલાતા નજર આવી રહ્યા છે. અત્યાર સુધી પોતાના બચાવમાં બોલનાર મનોજ મુંતશિરે માફી માંગી છે. શનિવારે તેણે ટ્વિટર પર હાથ જોડીને બધાની માફી માંગી હતી. તેણે કબુલ કર્યું હતું કે આ ફિલ્મથી લોકોની ભાવનાઓને ઠેસ પહોંચી છે. તેણે ટ્વીટ કર્યું કે, 'હું સ્વીકારું છું કે, આદિપુરુષ ફિલ્મથી જનતાની ભાવનાઓને ઠેસ પહોંચી છે. મારા તમામ ભાઈઓ અને બહેનો, વડીલો, આદરણીય ઋષિઓ અને શ્રી રામના ભક્તોની હું હાથ જોડીને બિનશરતી માફી માંગુ છું. ભગવાન બજરંગ બલી આપણા બધા પર કૃપા કરે તથા આપણને એક અને અતૂટ રહેવાની અને આપણા પવિત્ર શાશ્વત અને મહાન દેશની સેવા કરવાની શક્તિ આપે!' 'આદિપુરુષ'નો વિવાદ કોર્ટમાં પહોંચ્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચે નિર્દેશક ઓમ રાઉત, નિર્માતા ભૂષણ કુમાર અને ડાયલોગ રાઈટર મનોજ મુંતશિરને સમન્સ પાઠવ્યા છે.



### અજિત પવારના સામેલ થયા બાદ શિંદેને લઈને દાવા

## શિંદેને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવા જણાવાયું છેઃ આદિત્ય ઠાકરે

। મુંબઈ, તા.૮ ।

મહારાષ્ટ્રમાં વર્તમાન સમયમાં રાજકારણમાં થયેલી ઉથલ પાથલથી સૌ કોઈ વાકેફ છે. અજિત પવાર જ્યારથી ડે.સીએમ તરીકે શિંદે અને ભાજપના ગઠબંધનવાળી સરકારમાં સામેલ થયા છે ત્યારથી એકનાથ શિંદેને લઈને અનેક દાવાઓ કરવામાં આવી રહ્યા છે. આ સૌની વચ્ચે ઉદ્ધવ ઠાકરેના દિકરા આદિત્ય ઠાકરેએ એક મોટો દાવો કર્યો છે જેની સૌ કોઈ ચર્ચા કરી રહ્યું છે. આદિત્ય ઠાકરેએ કહ્યું છે કે મેં એવું સાંભળ્યું છે કે એકનાથ શિંદેને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવા જણાવી દેવામાં આવ્યું છે. આદિત્ય ઠાકરેએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે ટૂંક સમયમાં મહારાષ્ટ્ર સરકારમાં મોટું પરિવર્તન જોવા મળી શકે છે. આદિત્ય ઠાકરેએ એક વર્ષ પહેલાં શિવસેનામાં એકનાથ શિંદે સાથે બળવો પોકારનારા નેતાઓને ટાંકીને કહ્યું હતું કે જે ઓરિજિનલ ગદ્દાર છે તેઓ આશા રાખીને બેઠા હતા.

## રાહુલ સોનીપતના ગામોમાં ખેડૂતોની વચ્ચે પહોંચી ગયા

। સોનીપત, તા.૮ ।

રાહુલ ગાંધી આજે સવારે કંઈક અનોખા અંદાજમાં જ જોવા મળ્યા હતા. રાહુલ ગાંધી સોનીપતના બરોડા વિસ્તારના ઘણા ગામોના ખેતરોમાં કામ કરી રહેલા ખેડૂતોની વચ્ચે પહોંચ્યા હતા. ત્યાં પહોંચતા જ લોકોની ભીડ એકઠી થઈ ગઈ અને બધા પોતપોતાના કામ છોડીને તેને મળવા આવવા લાગ્યા હતા. જ્યારે રાહુલ ગાંધી ખેડૂતોની વચ્ચે પહોંચ્યા તો તેમણે ટ્રેક્ટર ચલાવ્યું. આ દરમિયાન તેમની સાથે ટ્રેક્ટર પર ખેડૂતો પણ જોવા મળ્યા હતા. રાહુલને મેદાનમાં જોતા જ લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી. રાહુલ ખેતરોમાં ડાંગર રોપતા પણ જોવા મળ્યો હતો. ખેતરમાં કામ કરતી વખતનો એક વિડીયો પણ સામે આવ્યો છે.















## છોટાઉદેપુરના બોડેલી તાલુકાના ખેડૂતો પરેશાન

। છોટાઉદેપુર, તા.૮ ।

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં બાગાયતી પાકમાં કેળાંનુ વાવેતર મોટા પ્રમાણમાં કરવામાં આવે છે ત્યારે બોડેલીના ચલામલી વિસ્તારમાં હાલમાં કેળાના ભાવમાં ઉછાળો આવતાં ભાવ આસમાને પહોંચ્યો પણ કેળામાં નુકશાન હોવાથી ખેડૂત દુઃખી છે. રાજ્યમાં કેળાના ભાવ ખૂબ મોટા પાયે ભાવ વધ્યા છે પરંતુ ખેડૂતોને તો નુકશાન થઈ રહ્યું છે. ૨૦ કિલો કેળાના ભાવ રૂ.૪૦૦ વધારે થઈ ગયા છે. પરંતુ ખેડૂતો માટે આફત યથાવત છે. બીપોરજોય વવાઝોડાના કારણે થયેલા નુકશાનને પહોંચી વળવા માટે કોઈ ઉપાય ન હોઈ હવે ખેડૂતો સર્વે કરીને વળતર મળે તેવી માંગ કરી રહ્યા છે. છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ખેડુતોને ભારે મુશકેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વાત જાણે એમ છે કે, ખેડૂતો માટે રોકડિયા પાક તરીકે કેળની ખેતી માટે આગવી ઓળખ ધરાવતા છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના અનેક વિસ્તારના કેળાંની માંગ ઉત્તર ભારતના જુદા જુદા રાજ્યમાં સપ્લાય થાય છે. હાલમાં કેળાના ભાવમાં ઉછાળો આવ્યો છ. જોકે ખેડૂતો ગેલમાં આવે તે પહેલાં તેઓને દુઃખ સહન કરવું પડ્યું છે.

નોંધનીય છે કે, કેળાના ભાવ રૂ.૨૩૦ થી વધીને રૂ.૪૨૫ થતાં ખેડૂતોને સારા ભાવની આશા જાગી હતી, પરંતુ ખેતીમાં થયેલા નુકશાનના કારણે ખેડૂતો ખર્ચ પણ સરભર કરી શકે તેમ નથી. બોડેલી તાલુકામાં કેળાંની ખેતી વિપુલ પ્રમાણમાં થાય છે, આ વિસ્તારના કેળાં બજારમાં સારી શાખ બન્યા છે. ગત્ વર્ષે શ્રાવણની શરૂઆત પહેલાં કેળાના ભાવ રૂ.૪૫૦ સુધી પહોંચ્યા હતા. તાજેતરમાં જિલ્લામાં ચોથી જુનના રોજ વાવાઝોડા સાથે વરસેલા કમોસમી વરસાદથી બાગાયત પાક પકવતા ખેડૂતોને ખૂબ મોટા પાયે નુકસાની વેઠવાનો વારો આવ્યો હતો. જેમાં ઉભા તૈયાર થયેલા મહામુલા કેળના પાક સામે પ્રચંડ પવન સાથે ફુંકાયે લા વાવાઝોડાથી જમીનદોસ્ત થતા ખેડૂતો પરેશાન છે. કમોસમી વરસાદને કારણે અસરગ્રસ્ત ખેડૂતોને માટે સરકાર દ્વારા કોઈ રાહત પેકેજ આ વિસ્તાર માટે થયું નથી. આ તરફ પંથકમાં વાવાઝોડા બાદ કેળાંના પાકને મોટું નુકશાન પહોંચ્યું છે. જોકે સરકાર દ્વારા કોઈ સહાય જાહેર ના થતાં ખેડુત આલમમાં રોષની લાગણી ફેલાઈ છે.



જી-૨૦, યુ-૨૦ માટે આવેલ વિઝીટરે સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી.

### સુરેન્દ્રનગરમાં તંત્રના પાપે મહિલાનો ભોગ લેવાયો

## સુરેન્દ્રનગરમા સમયસર ૧૦૮ ન પહોંચી શકતા મહિલા દર્દીનું મોત

। સુરેન્દ્રનગર, તા.૮ ।

ગુજરાતમાં વરસાદી વાતાવરણ વચ્ચે સુરેન્દ્રનગરથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અહીં તંત્રના પાપે એક મહિલાએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. વાત જાણે એમ છે કે, એક મહિલા બેભાન થતા ૧૦૮ બોલાવાઈ હતી. જોકે ૧૦૮ સુરેન્દ્રનગરમાં અંડરબ્રિજમાં પાણી નિકાલની કોઈ જ વ્યવસ્થા ન હોય ત્યાં ફસાઈ ગઈ હતી. જે બાદમાં ૧૦૮ સમયસર ન પહોંચી શકતા મહિલા દર્દીનું મોત થયું છે. સુરેન્દ્રનગરમાં વરસાદ વચ્ચે તંત્રના પાપે એક મહિલાએ જીવ ગુમાવ્યો છે. સુરેન્દ્રનગરમાં અંડરબ્રિજમાં પાણી નિકાલની કોઈ જ વ્યવસ્થા ન હોવાનું સામે આવ્યું છે. ચર્ચા મુજબ પાણી નિકાલની કોઈ વ્યવસ્થા વગર જ બ્રિજ બનાવી દેવાયો હોઈ અંડરબ્રિજમાં પાણી ભરાતા લોકોને પરેશાની થઈ રહી છે. ચર્ચા મુજબ પાણી નિકાલની કોઈ વ્યવસ્થા વગર જ બ્રિજ બનાવી દેવાયો હોઈ અંડરબ્રિજમાં પાણી ભરાતા લોકોને પરેશાની થઈ રહી છે. આ તરફ અંડરબ્રિજમા પાણીના કારણે ૧૦૮ સમયસર ન પહોચી શકતા મહિલા દર્દીએ જીવ ગુમાવ્યો છે.

### બંને વચ્ચે નાની-નાની વાતમાં ઝઘડા થતાં હતા, તેથી ૪ જૂને જ્યારે પતિ ઊંઘી રહ્યો હતો ત્યારે પત્નીએ તેને પતાવી દીધો હતો

## રોજ-રોજના ઘરકંકાસથી કંટાળીને પત્નીએ ઊંઘી રહેલા પતિને પતાવી દીધો

। વાંકાનેર, તા.૮ ।

મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના પીપળીયા રાજ ગામમાં ૪ જૂને થયેલી ૨૨ વર્ષીય યુવકની હત્યા મામલે પોલીસે બે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. જો કે, પોલીસે જ્યારે વિગતવાર તપાસ કરી તો યુવકની હત્યા કોઈ અજાણ્યાએ નહીં પરંતુ તેની ૨૦ વર્ષીય પત્નીએ કરી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો. બંનેના લગ્ન હજી એક મહિના પહેલા થયા હતા અને વારંવાર ઝઘડાથી તેની પત્ની કંટાળી ગઈ હતી, તેથી પતિનું ઢીમ ઢાળી દીધું હતું. કરમબાઈએ પહેલા અડધી રાતે તેના ઘરમાં બે શખ્સો ઘૂસી આવ્યા હતા અને પતિ રવિ બામણિયાની હત્યા કરી હોવાની કહાણી ઘડી હતી. તેઓ મધ્ય પ્રદેશના અલિરાજપુર જિલ્લાના વતની હતા અને ખેતમજૂર તરીકે કામ કરતાં હતા. રવિનો ભાઈ સુકુ પણ તેમની સાથે પાસેના અન્ય ખેતરમાં શ્રમિક તરીકે કામ કરતો હતો. ૪ જુલાઈએ સવારે આશરે ૩ વાગ્યે કરમબાઈ સુકુ પાસે ગઈ હતી અને બે શખ્સો રવિની હત્યા કર્યા બાદ ભાગી ગયા હોવાનું કહ્યું હતું. જો કે, સુકુને કંઈક ખોટું થયું હોવાની ગંધ આવી હતી. કારણ કે, ઘટના બન્યાના બે કલાક બાદ કરમબાઈ તેની પાસે ગઈ હતી. પોલીસ પૂછપરછ દરમિયાન કરમબાઈ ભાંગી પડી હતી અને તેના પતિની હત્યા કરી હોવાનું સ્વીકાર્યું હતું. તેણે પોલીસને જણાવ્યું હતું કે, તેઓ બંને વચ્ચે નાની-નાની વાતને લઈને ખૂબ જ ઝઘડા થતા હતા.

### રાજ્યમાં શ્વાનનો આતંક દિવસને દિવસે વધી રહ્યો છે

## સુરતમાં બે બાળકીઓ પર શ્વાનની ટોળકી તૂટી પડી, શરીરે બચકા ભરી ઘાયલ કરી

। સુરત, તા.૮ ।

રાજ્યમાં શ્વાનનો આતંક દિવસને દિવસે વધી રહ્યો છે. ખાસ કરીને નાના બાળકોને શ્વાન વધુ ટાર્ગેટ કરી રહ્યા છે. તેથી બાળકોને એકઠા મુકતા માતાપિતા ડરી રહ્યા છે. હવે સુરતમાં ફરી એકવાર આવી જ ઘટના સામે આવી છે. અહીં લિંબાયતમાં બે માસુમ બાળકીને શ્વાનની ટોળકીએ ભોગ બનાવી છે. સ્કૂલમાં જતી વિદ્યાર્થિનીઓ પર શ્વાનોની ટોળકીએ બચકા ભરતા અરેરાટી મચી જવા પામી છે.

સુરતના લિંબાયત સંજય નગર ખાતે અને રામેશ્વર નગરમાં શ્વાનના આતંકથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ૭ વર્ષીય બાળકી પરી પોતાના ઘર પાસે રમી રહી હતી તે દરમિયાન પરી પર શ્વાનની ટોળકી તુટી પડી હતી. જ્યારે બીજી ઘટના લિંબાયત રામેશ્વર નગર ખાતે રહેતી ૯ વર્ષીય વૈષ્ણવી સ્કૂલે જઈ રહી હતી તે દરમિયાન શ્વાનની ટોળકીએ વૈષ્ણવી પર હુમલો કર્યો હતો. બાળકીને શ્વાનની ટોળકીએ બચકા ભર્યા હતા.

## ST બસમાં નરાધમે વિદ્યાર્થીઓને અડપલાં કરતાં સવાલા ગામે ભયંકર બબાલ

। મહેસાણા, તા ૮ ।

મહેસાણા જિલ્લાના વિસનગર એસટી ડેપોમાંથી ગઈકાલે સાંજે ઉપડેલી વિસનગર-રાવળાપુરા એસટી બસમાં બેસવા બાબતે બબાલ થઈ હતી. વિસનગરમાં સવાલા દરવાજા બસ સ્ટેન્ડથી શરૂ થયેલી બબાલ સવાલા ગામે પહોંચતા વધી ગઈ હતી. સવાલા ગામના બસ સ્ટેન્ડે પહોંચેલી એસટી બસને સરફરાઝ ડેલીકેટ નામના વ્યક્તિ સાથે લઘુમતી કોમના લોકોએ ઘેરી લીધી હતી અને ત્યારબાદ એસટી બસમાં બેઠેલા અન્ય વિદ્યાર્થીઓ




સાથે બોલાચાલી, ખેંચતાણ કરી માર માર્યો હતો. મહેસાણા જિલ્લાના વિસનગરના સવાલા પાસે થયેલ માથાકૂટમાં આખરે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

વિદ્યાર્થીઓ વચ્ચે બેસવા બાબતે થયેલી બબાલમાં એસટી ઉપર છુટ્ટા પથ્થરો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હદ તો ત્યારે થઈ ગઈ જ્યારે વિદ્યાર્થીનીઓ બસમાં ઘરે જઈ રહેતી એમની સાથે ટોળાંએ અડપલાં કર્યા અને ગેરવર્તન કરી બિભત્સ શબ્દ પ્રયોગ કર્યો હતો. વિસનગર અભ્યાસ કરવા જતી વિદ્યાર્થીનીઓ સાથે થયેલા અભદ્ર વ્યવહાર અને બસ ને બાન લેવા મુદ્દે એસટી બસના કંડકટર ઘનશ્યામ ગોસ્વામીએ મોડી રાત્રે વિસનગર તાલુકા પોલીસ સ્ટેશનમાં સરફરાઝ ડેલીકેટની સાથે ૩૦ના ટોળાં સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

### ખેડૂતોએ સ્વખર્ચે ઓઝત નદીનો પાળો બાંધવાનું કામ હાથ ધર્યુ

## જૂનાગઢના ઘેડ પંથકમાં વરસાદના કારણે તારાજી સર્જાઇ

। જૂનાગઢ, તા.૮ ।

જૂનાગઢ જિલ્લામાં ધોધમાર વરસાદ બાદ તારાજીના દશ્યો સામે આવ્યા છે. ઘેડ પંથકમાં આવેલા કેશોદના બામણાસા ગામે વરસાદના કારણે તારાજી સર્જાઇ છે. જેમાં ભારે વરસાદના કારણે ઓઝત નદીનો પાળો તૂટી જતા ખેડૂતોની હજારો વીઘા જમીનમાં ધોવાણ થયું છે. ઓઝત નદીનો પાળો તૂટી જતા પાણી ખેતરોમાં ઘૂસી ગયા હતા. જે બાદ ખેડૂતોએ હવે પોતે જ સ્વખર્ચે ઓઝત નદીનો પાળો બાંધવાનું કામ હાથ ધર્યું છે. જે કામ સરકાર અને તંત્રએ કરવું જોઈએ તે કામ ખેડૂતો પોતે કરી રહ્યા છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યા છે કે દર વર્ષે આ જ રીતની સમસ્યા થાય છે પરંતુ તંત્ર દ્વારા કામગીરી નથી કરવામાં આવતી. બામણાસાના ખેડૂતોની જમીનનું ધોવાણ ન થઈ જાય અને ૫૦૦ વીઘા ખેતરોમાં વાવેલો પાક નષ્ટ ન થઈ જાય તે માટે પાળ બાંધવાની કામગીરી હાથ ધરી છે.ખેડૂતો ૧૧ હજાર માટીની બોરી મૂકીને નદી આડો પાળો બાંધી રહ્યા છે.. તેમજ બેદરકાર તંત્ર સામે ખેડૂતોમાં નારાજગી વ્યાપી છે. તેઓએ અપીલ કરી છે, કે તંત્ર ખેડૂતોની વ્હારે આવે, અને મદદ કરે. પરંતુ નિંદ્રાધીન તંત્રની બેદરકારી સ્પષ્ટ રીતે દેખાઇ રહી છે તેમજ બેદરકાર તંત્ર સામે ખેડૂતોમાં નારાજગી વ્યાપી છે. તેઓએ અપીલ કરી છે, કે તંત્ર ખેડૂતોની વ્હારે આવે, અને મદદ કરે. પરંતુ નિંદ્રાધીન તંત્રની બેદરકારી સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે. તેઓએ અપીલ કરી છે, કે તંત્ર ખેડૂતોની વ્હારે આવે, અને મદદ કરે. પરંતુ નિંદ્રાધીન તંત્રની બેદરકારી સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે.

## વિશેષ લેખ

### એકતાનગર ખાતે દ્રિદિવસીય "સરદાર સમીપે સાહિત્યગોષ્ઠી" કાર્યક્મનું આયોજન

# રાષ્ટ્રીય એકતા અને સાહિત્ય અને સરદાર વલ્લભભાઇનો અક્ષરદેહ અને સાહિત્યમાં સરદારનો પ્રભાવ સહિતના વિષયો પર વ્યાખ્યાન યોજાયા



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ તથા ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુકત ઉપક્રમે એકતાનગરટેન્ટ સીટી -૨ ખાતે તા.૫અને ૬ જુલાઈ દરમ્યાન દ્રિદિવસીય "સરદાર સમીપે સાહિત્યગોષ્ઠી"નું આયોજન કરવામાં આવ્યુ હતુ. "સરદાર સમીપે સાહિત્યગોષ્ઠી"નો પ્રારંભ ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ ઝા અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી ઉદિત અગ્રવાલ અને મહામાત્ર ડૉ.જયેન્દ્રસિંહ જાદવ,જાણીતા કવિ અને વક્તા મણીલાલ. હ. પટેલની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી સાહિત્ય ગોષ્ઠીને ખુલ્લી મુકાઈ હતી.

આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધનમાં ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું કે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પરિકલ્પનાથી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા એકતાનગર ખાતે સ્થાપી છે, ત્યારે પ્રવાસીઓની પહેલી પસંદ સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યું છે ત્યારે હવે કલાના વિદ્યાર્થીઓ અને સાહિત્યપ્રેમીઓ માટે પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ ના ચેરમેન મુકેશ પુરીના માર્ગદર્શનમાં આ સ્તુત્ય પ્રયાસ હાથ ધરાયો છે અને આ થકી હવે કલાપ્રેમીઓ અને સાહિત્યપ્રેમીઓ માટે પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રથમ પસંદગીનું સ્થળ બની રહેશે તેવો આશાવાદ વ્યકત કર્યો હતો.

વધુમાં અગ્રવાલે જણાવ્યુ હતુ કે, એકતાનગર ખાતે આયોજીત "સરદાર સમીપે સાહિત્યગોષ્ઠી કાર્યક્રમમાં સાહિત્યકારોની રચના પ્રગટ થનાર છે તેને અત્રે આવનાર પ્રવાસીઓ સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરીશુ જેનાથી અત્રે આવનાર પ્રવાસીઓને પ્રેરણા મળશે.ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ જણાવ્યું હતું કે, દ્રિદિવસીય આ "સરદાર સમીપે સાહિત્યગોષ્ઠી" કાર્યક્રમમાં ગુજરાતભરના ૪૦ જેટલા સાહિત્યકારોએ ભાગ લીધો હતો, સરદાર વલ્લભભાઈનો અક્ષરદેહ અને સાહિત્યમાં સરદારનો પ્રભાવ સહિત ગુજરાતી સાહિત્યના પ્રવાહો જેવા વિષયો પર ચર્ચા યોજાઇ હતી, સૌપ્રથમવાર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આ પ્રકારનો કાર્યક્રમ યોજાયો છે જેની અમને ખુશી છે. સાહિત્યિક પ્રવૃત્તિ એ સમગ્ર લોક-ચેતના (જનજાગૃતિ)ની અભિવ્યક્તિ છે. તે સમગ્ર સમુદાય, તેની સંસ્કૃતિ, તેના લોકજીવન અને સામાજિક જીવનને પ્રતિબિંબિત કરે છે, સાહિત્યિક પ્રવૃત્તિ એ સમગ્ર લોક-ચેતના (જનજાગૃતિ)ની અભિવ્યક્તિ છે. તે સમગ્ર સમુદાય, તેની સંસ્કૃતિ, તેના લોકજીવન અને સામાજિક જીવનને પ્રતિબિંબિત કરે છે, ત્યારે આગામી ભવિષ્યમાં પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી વહીવટીતંત્ર સાથે મળીને રચનાત્મક કાર્યો કરવા અમે કટીબદ્ધ છીએ. સાહિત્ય અકાદમીએ ૨૦૦દિવસમાં ૨૦૦ કાર્યક્રમો અને



૧૦૦જેટલાં પ્રકાશનો કર્યા હોવાની ઉપલબ્ધી રજૂ કરી હતી આગામી દીવસોમા રાષ્ટ્રીય કક્ષાના યોજાનાર સાહિત્ય સંમેલનમાં ૨૨ ભાષા ના ૨૫૦થી વધુ સાહિત્યકારો ને જોડવાનો પ્રયાસ કરાઈ રહ્યો હોવાનું પણ જણાવ્યું હતું.આગામી દિવસોમાં રાષ્ટ્રીય કક્ષાનું સંમેલનપણ સાહિત્ય અકાદમી યોજવા જઈ રહ્યું હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે જાણીતા કવિ અને વક્તા મણિલાલ હ પટેલે રાષ્ટ્રીય એકતા અને સાહિત્ય વિષય ઉપર મનનીય પ્રવચન આપી ગુજરાતી કવિતા અને કવિના મિજાજ અંગે સુંદર છણાવટ કરી હતી..અને જણાવ્યું હતું કે શબ્દ પોતે ઓગળીને ભાવ સુધી પહોંચે ત્યારે કવિની કવિતા સાર્થક થાય છે. બીજા સેશનમાં જાણીતા કવિ વિનોદ જોશીએ કવિની આત્માની કલા વિષય ઉપર રસપ્રદ પ્રવચન કરીને સાહિત્યકારોને મંત્રમુગ્ધ કરી દીધાં હતાં. તેમણે કહ્યું હતું કે ભાષા છેતરી શકે પણ ભાવને છેતરી શકાતો નથી. ભાષાની અભિવ્યક્તિ ભાવ સાથે જોડાય ત્યારે આત્માની અનુભૂતિ થવી જોઈએ. તેમણે કવિતાને આત્માની કળા હોવાનું જણાવી સરસ્વતોને ભાવ સાથે જોડી દેતા વિનોદ જોશીના મનનીય પ્રવચન સાંભળીને અભિભૂત થયેલા સૌ ઉપસ્થિત સરસ્વતોએ જગ્યા પર ઉભા થઈને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું.તો હસીત મહેતાએ સરદાર વલ્લભભાઈનો અક્ષરદેહ અને પૂર્વ મહામાત્ર અજયસિંહ ચૌહાણે સાહિત્યમાં સરદારનો પ્રભાવ ઉપર આપેલા વ્યાખ્યાનથી માહોલ સરદારમય બની ગયો હતો. ભાષાની અભિવ્યક્તિ ભાવ સાથે જોડાય ત્યારે આત્માની અનુભૂતિ થવી જોઈએ.

તેમણે કવિતાને આત્માની કળા હોવાનું જણાવી સરસ્વતોને ભાવ સાથે જોડી દેતા વિનોદ જોશીના મનનીય પ્રવચન સાંભળીને અભિભૂત થયેલા સૌ ઉપસ્થિત સરસ્વતોએ જગ્યા પર ઉભા થઈને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું.તો હસીત મહેતાએ સરદાર વલ્લભભાઈનો અક્ષરદેહ અને પૂર્વ મહામાત્ર અજયસિંહ ચૌહાણે સાહિત્યમાં સરદારનો પ્રભાવ ઉપર આપેલા વ્યાખ્યાનથી માહોલ સરદારમય બની ગયો હતો. સમાપન સમારંભમાં કવિ હિતેન આનંદપરાના સુંદર સફળ સંચાલન સાથે યોજાયેલાં કવિ સંમેલનમાં સર્વ કવિશ્રી અને ગુજરાતનાં મૂર્ધન્ય સાહિત્યકારોની ઉપસ્થિતિ માં આ. કવિ સર્વશ્રી વિનોદ જોશી, મણિલાલ હ પટેલ,ભાગ્યેશ જહા ,તુષાર શુક્લ, હિતેન આનંદપરા, અજયસિંહ પરમાર, આશા ગોહિલ, ધ્વનિલ પારેખ, પ્રજ્ઞા વશી, સંજુભાઈ, સૌમિલ મુન્શી, આરતી મુન્શી, રક્ષાબેન, કૃષ્ણ દવે, શ્યામલ મુન્શી વસંત જોશી,ડૉ. કે ભટ્ટ,હરદ્વાર ગોસ્વામી,નિસર્ગ આહીર,શૈલેષ પંચાલ, દીપક જગતાપ,વગેરે કવિઓએ કાવ્ય મંચપરથી સુંદર કાવ્યો રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતાં. આ પ્રસંગે પ્રકૃતિસભર માહોલમાં સરદારની વિરાટ પ્રતિમાના દર્શન અને ભાવવંદના કરી , જંગલ સફારી, નર્મદા બંધની મુલાકાત લઈ સાહિત્યકારો અભિભૂત થયાં હતાં આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળના અધિક કલેકટર હિમાંશુ પરીખ, નાયબ કલેકટર શિવમ બારીયા ઉપસ્થિત રહ્યા હતા.

# પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીનો આજે ૫૧મો જન્મ દિવસ




। નવી દિલ્હી, તા.૮ ।

ઈન્ડિયન ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલી આજે પોતાનો ૫૧મો જન્મદિવસ ઉજવી રહ્યા છે. સૌરવ ગાંગુલી ઈન્ડિયન ક્રિકેટના ઈતિહાસમાં સૌથી સફળ કેપ્ટનમાંથી એક રહ્યા છે. કરિયરની શરૂઆતમાં તેમણે ઘણા સંઘર્ષનો સામનો કર્યો છે. તે જેટલો સમય કેપ્ટન રહ્યા ત્યાં સુધી કોઈપણ તેમની સામે આંગળી ઉઠાવવા માટે તૈયાર નહોતા. એક ખેલાડી તરીકે તેમણે ટીમમાં પોતાનો મજબૂત દાવો રજૂ કર્યો અને કેપ્ટન પણ બની ગયા હતા. એટલું જ નહીં વિદેશમાં જઈને ઈન્ડિયન ટીમને જીતતા સૌરવ ગાંગુલીએ શિખવાડ્યું હતું. તો પછી એક ભૂલ એવી તો કેવી કરી કે આખી કારકિર્દી જ બરબાદ થઈ ગઈ! જોકે, તેની એક નાની ભૂલ અથવા ખોટા વ્યક્તિ પર વિશ્વાસ રાખવો ભારે પડ્યો હતો. આ વ્યક્તિએ ગાંગુલીને બદનામ કરીને ટીમમાંથી બહાર કાઢી નાખ્યો હોવાની ચર્ચાઓ પણ એ સમયે વેગવંતી થઈ હતી. ગ્રેગ ચેપલને ટીમ ઈન્ડિયાનો કોચ બનાવવો એ ગાંગુલીની એક મોટી ભૂલ હતી. આ ઘટના વર્ષ ૨૦૦૪માં બની હતી જ્યારે ભારતીય ટીમ જોન રાઈટ બાદ નવા કોચની શોધમાં હતી. સૌરવ ગાંગુલીએ ગ્રેગ ચેપલને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. તે કેપ્ટન હોવાથી તેની સંમતિને સૌથી વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. જોકે, બાદમાં એ જ ગ્રેગ ચેપલે ગાંગુલીને ટીમની કેપ્ટનશીપથી હટાવ્યા એટલું જ નહીં, ટીમમાંથી બહારનો રસ્તો પણ બતાવ્યો હતો. આ સમગ્ર વિવાદ વિશે ગાંગુલીએ પોતાના પુસ્તક 'એ સેન્ચ્યુરી ઈઝ નોટ ઈનફ'માં જણાવ્યું છે. તેમના જન્મદિવસના ખાસ અવસર પર ચાલો જાણીએ સૌરવ ગાંગુલી અને ગ્રેગ ચેપલ સાથે જોડાયેલી કેટલીક રસપ્રદ વાતો. સૌરવ ગાંગુલીએ તેમના પુસ્તકમાં ગ્રેગ ચેપલ પરના ઘટનાક્રમ વિશે વિગતવાર લખ્યું છે. તેણે ચેપલ સાથેની મુલાકાત બાદ ટીમ ઈન્ડિયામાં ચાલી રહેલા અણબનાવ અંગે પણ ખુલાસો કર્યો હતો. સૌરવના પુસ્તક મુજબ ડિસેમ્બર ૨૦૦૩માં ભારતીય ટીમ પછી ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જવાની હતી. આ પ્રવાસના પાંચ મહિના પહેલા સૌરવ ગાંગુલી ઓસ્ટ્રેલિયા ગયો હતો. અહીં તેની મુલાકાત ગ્રેગ ચેપલ સાથે થઈ હતી. ચેપલની મદદથી ગાંગુલી એ મેદાન જોવા ગયો હતો જ્યાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેચ યોજાવાની હતી. ગાંગુલીએ ત્યાંના મેદાન અને પિચનું નિરીક્ષણ કર્યું અને ચેપલ સાથે વ્યૂહરચના તૈયાર કરી હતી. ગાંગુલી ચેપલ સાથે વિતાવેલા માત્ર ૭

### વરસાદના લીધે ખેડૂતોમાં ખુશી

## રાજકોટમાં મેઘરાજાની સારી બેટિંગ બાદ ગોંડલનો આશાપુરા ડેમ છલકાયો

**આશાપુરા ડેમ ઓવરફ્લો થતાં ગોંડલી નદી પણ ગાંડી તૂર થઈ છે, નદીની આસપાસમાં રહેતા ગ્રામ્ય વિસ્તારોને એલર્ટ કરાયા હતા**



। રાજકોટ, તા.૮ ।

રાજકોટ જિલ્લાના ગોંડલ પંથકમાં પાછલા કલાકોમાં ધોધમાર વરસાદ વરસી પડ્યો છે. સતત પડી રહેલા વરસાદના કારણે ગોંડલ પંથકના વિસ્તારોમાં આવેલા જળાશયોમાં નવા નિર્માણ આવ્યા હતા ત્યારે ગોંડલ ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારો મા પીવાના પાણી લઈને ખૂબ જ મહત્વનો ગણાતો આશાપુરા ડેમ પણ ઓવરફ્લો થઈ ગયો છે. જેથી ગોંડલ પંથકના લોકોમાં પણ ખુશી જોવા મળી હતી. બે દિવસમાં ગોંડલ પંથકમાં પાંચ ઈંચ વરસાદ વરસ્યો હતો ગુરુવારે ત્રણ ઈંચ જેટલો વરસાદ ગોંડલમાં આવ્યો હતો જ્યારે શુક્રવારે બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો, આ ઉપરાંત આશાપુરા ડેમની ઉપર વાસના ગામોમાં પણ ભારે વરસાદ વરસ્યો હતો જેથી ડેમ ઓવરફ્લો થયો હતો. આ સાથે જ સેતુ ડેમમાં પણ નવા નીર આવ્યા હતા. આશાપુરા ડેમ ઓવરફ્લો થતાં ગોંડલી નદી પણ ગાંડી તૂર થઈ છે. નદીની આસપાસમાં રહેતા ગ્રામ્ય વિસ્તારોને એલર્ટ કરાયા હતા. બાંદરા સહિતના ગ્રામ્ય વિસ્તારના લોકોને નદીના પટમાં ન જવા સૂચના આપવામાં આવી હતી. શુક્રવારે વહેલી સવારથી ગોંડલ પંથકમાં વરસાદ વરસતા નીચાવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાયા હતા.

## સુરતના વેપારીને ૨૦.૬૮ લાખનો લાગ્યો ચૂનો

। સુરત, તા.૮ ।

સુરતના વેપારીઓ દેશ વિદેશમાં પોતાની વસ્તુ ઈમ્પોર્ટ અને એક્સપોર્ટ કરતા હોય છે. હીરા, સાડી સહિતની તમામ વસ્તુઓ સુરતમાંથી દેશ વિદેશમાં મોકલવામાં આવે છે. ત્યારે સુરતના કતારગામમાં આવેલા બાપા સીતારામ ચોકમાં આવેલા પાર્વતીનગરમાં રહેતા હિતેશભાઈ વારીયા એચ.વી.ઈન્ટરનેશનલના નામે મેદાનો ઈમ્પોર્ટ એક્સપોર્ટનો ધંધો કરો છે. તેઓ પોતાની બ્રાન્ડના મેદાને દેશ વિદેશમાં મોકલે છે. તેઓની ઓફિસ સુરતના ડભોલી ખાતે આવેલી છે અને આ ઓફિસથી તેઓ પોતાનો માલ સમાન કચ્છ મોકલે છે અને કચ્છના મુંદ્રા પોર્ટથી પોતાનો માલ સામાન વિદેશમાં એક્સપોર્ટ કરે છે. મળતી વિગતો અનુસાર, ગત ડિસેમ્બર ૨૦૨૦ના રોજ જ્યારે હિતેશભાઈ વારીઆ પોતાના મિત્રની ઓફિસે બેઠા હતા ત્યારે તેમની ઓળખાણ સુરતના વરાછામાં સૂરમંદિર એપાર્ટમેન્ટમાં રહેતા વિનુભાઈ પાનેલીયા સાથે થઈ હતી. વિનભાઈએ હિતેશભાઈને જણાવ્યુ હતુ કે, તેઓ પણ ઈમ્પોર્ટ એક્સપોર્ટનો વ્યવસાય કરે છે અને ત્યારબાદ હિતેશભાઈ અને વિનુભાઈ વચ્ચે ધંધાકીય સબંધ સ્થપાયા હતા. વિનુભાઈએ હિતેશભાઈને કહ્યું હતુ કે, તેઓ તેમની સાથે દુબઈમાં મેદાનો વેપાર કરવા માગે છે અને દુબઈમાં મેદાનો વ્યપાર કરશે તો તેમને સારો એવો ફાયદો થઈ શકે છે. ત્યારબાદ વિનુભાઈએ હિતેશભાઈને સમસુદ્દીન નામના વ્યક્તિ સાથે વેપાર કરવાની ઓફર આપી હતી. જેથી હિતેશભાઈએ આ ઓફર સ્વીકારી લીધી હતી. માર્ચ ૨૦૨૧થી જુન ૨૦૨૧સુધીમાં હિતેશભાઈએ ૪ કન્ટેનરમાં ૨૧.૪૭ લાખનો માલ દુબઈ ખાતે મોકલી આપ્યો હતો અને આ માલને દુબઈ પોર્ટથી છોડાવવા માટે ૫૯ હજાર રૂપિયા પણ મોકલ્યા હતા.

## પ્રેમિકાના લગ્નના દિવસે પ્રેમીએ આપી દીધો જીવ

**ધોરીમાન્ના પોલીસે કહ્યું હતું કે, શુક્રવારે સવારે આશરે ૬ વાગ્યે અનિતા ગમાણમાં દૂધ દોહવા માટે ગઈ હતી અને પરત ફરી નહોતી**

। જેસલમેર, તા.૮ ।

જેસલમેરના બાડમેર જિલ્લાના ધોરીમાન્ના પોલીસ સ્ટેશન વિસ્તારના જેતમાલ ગામમાં એક પ્રેમીપંખીડાની પ્રેમકહાણીનો કરુણ અંત આવ્યો હતો. જ્યાં પ્રેમિકાના કોઈ અન્ય સાથે લગ્ન થતાં જોઈ ઉદાસ થયેલા પ્રેમીએ ૪ જુલાઈના રોજ પાણીની ટાંકીમાં કૂદકો મારી પોતાનો જીવ આપી દીધો હતો. તો બીજી તરફ લગ્નના ત્રણ દિવસ બાદ નવપરિણીત યુવતીએ પણ કૂવામાં પડતું મૂકી જીવનનો અંત આણ્યો હતો. ૨૮ વર્ષીય પુરખારામના પરિવારે લપસી ગયા બાદ પાણીની ટાંકીમાં પડી જવાથી મોત થયું હોવાનું કહ્યું હતું. શુક્રવારે નવપરિણીત અનિતાના (૨૨) પિતાએ કૂવામાં કૂદીને આપઘાત કર્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ અંગે કેસ નોંધ્યો હતો અને તે પ્રેમ પ્રકરણનો કિસ્સો હોવાનું માન્યું હતું. સમગ્ર મામલે પોલીસ સઘન તપાસ કરી રહી છે. ધોરીમાન્ના પોલીસે કહ્યું હતું કે, શુક્રવારે સવારે આશરે ૬ વાગ્યે અનિતા ગમાણમાં દૂધ દોહવા માટે ગઈ હતી અને પરત ફરી નહોતી. પરિવારે આસપાસમાં શોધ કરી છતાં તે ક્યાંય મળી નહોતી. જે બાદ પરિવારજનોએ તેના પગલાના નિશાનને અનુસરતા તેની લાશ કૂવામાંથી મળી આવી હતી. ધોરીમાન્ના પોલીસ સ્ટેશનના એએસઆઈ લખરામે જણાવ્યું હતું કે, પોસ્ટમોર્ટમ કર્યા બાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો હતો. બંને મૃતકો એક જ ગામના વતની હતા. જીવનનો અંત આણતા પહેલા યુવતીએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કરેલી પોસ્ટના સ્ક્રીનશોટ વાયરલ થઈ રહ્યા છે. જેમાં તેણે પ્રેમી સાથેની તસવીરો શેર કરીને ઉલ્લેખ કર્યો હતો કે... તમે મારી સાથે આવું કેમ કર્યું? તમે કેટલા વચનો આપ્યા હતા અને તમે પોતે મને અધવચ્ચે મૂકીને આ ક્રૂર દુનિયામાં એકલી છોડીને કેમ જતાં રહ્યા. તમે મને દગો કેમ આપ્યો? તમે મને સાથે જીવવા-મરવાનું વચન આપ્યું હતું તો પછી એકલા આ પગલું કેમ ભર્યું? મેં તમને સાચો પ્રેમ કર્યો હતો. મારી જાન તેથી મને તમારી યાદ જીવવા દેતી નથી. તમે એકવાર પણ મારા વિશે વિચાર્યું નહીં? આમ તો ભૂલ મારી જ છે. હંમેશા મારી તમારી સાથે વાત થતી રહે છે પરંતુ તમે જ્યારે આવું કર્યું ત્યારે જ ન થઈ. તમે હંમેશા મારી જાન રહેશો. મેં તમને તમારી સાથે દુનિયા છોડવાનું નક્કી કર્યું હતું. તમે એકલાએ આમ કેમ કર્યું? તમે મને એકલી છોડીને કેમ જતાં રહ્યા? હું તમારા વગર નહીં રહી શકું.

### ચોરની મોડસ ઓપરેન્ડી સીસીટીવીમાં કેદ થઈ

। રાજકોટ, તા.૮ ।

રાજકોટ એસટી બસ સ્ટેશન સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતમાં એસ.ટી બસ મારફતે મુસાફરી કરતાં લોકો માટે ખૂબ મહત્વનું છે. અહીંયા દક્ષિણ ગુજરાત તેમજ મધ્ય ગુજરાતના લોકો સૌરાષ્ટ્રના અલગ-અલગ જિલ્લાઓમાં જ્યારે મુસાફરી માટે જતાં હોય છે, ત્યારે રાજકોટ એસટી બસ સ્ટેશનમાંથી ચોક્કસ પસાર થતાં હોય છે. રાજકોટ એસટી બસ સ્ટેશનમાં આજે એક એવા સીસીટીવી ફૂટેજ સામે આવ્યા કે જે મુસાફરી કરતા મુસાફરોની ચિંતા વધારનારા છે. રાજકોટ એસટી બસ સ્ટેશનમાં આંખના પલકારામાં જ મોબાઈલ તફડાવી લે છે. રાજકોટ એસટી બસ સ્ટેશનમાં દિવસ દરમિયાન હજારો મુસાફરો મુસાફરી માટે આવતાં જતાં હોય છે, ત્યારે મુસાફરોના ઘસારાનો લાભ તસ્કરો લઈ લેતા હોય છે. જેના એક સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે.

**દુબઈમાં મોહમ્મદ બિન રશીદ પુસ્તકાલય સંશોધનાત્મકતા અને ટકાઉપણુંનું શિખર છે.**

# દુબઈના ઇન્ડોરજેમ્સને ઉજાગર કરો – ભાવિ મ્યુઝિયમો અને હેરિટેજ લેન્ડમાર્કસમાંથી, દુબઈના ગ્રેટ ઈન્ડોર્સની ભવ્યતાનો અનુભવ કરો

**દર વર્ષે અદ્ભુત ૪૫૦ પ્રદર્શન સાથે, તે દુબઈનો પ્રથમ કાયમી શો છે. જેમ તમે જુઓ છો કે બહુ-પ્રતિભાશાળી કલાકારો તેમની વિશિષ્ટ પ્રતિભાના સમૂહ સાથે અસંખ્ય હવાઈ અને જળચર શોષણ કરે છે,**

રાષ્ટ્રીય, જુલાઈ ૨૦૨૩ : દુબઈ બંને વિશ્વની શ્રેષ્ઠ તક આપે છે; તે માત્ર બહાર જોવાલાયક જગ્યાઓ માટે જ જાણીતું નથી પણ અંદરની પ્રવૃત્તિઓની પણ ગર્વ કરે છે. ઉનાળાનો મહત્તમ ઉપયોગ કરો અને શહેરની ઈન્ડોર પ્રવૃત્તિઓમાં ડુબી જાઓ. સપનાના ડેસ્ટિનેશનની તમારી આગામી સફર માટે અહીં દુબઈના કેટલાક મનમોહક ઈન્ડોર સ્થળો છે. ડિજિટલ આર્ટનું થિયેટરઃ આ આકર્ષક સાંસ્કૃતિક આકર્ષણથી મંત્રમુગ્ધ થવા માટે તમારી જાતને તૈયાર કરો જે કલા, ટેક્નોલોજી અને મલ્ટીમીડિયાને ઈમર્સિવ વિઝ્યુઅલ અનુભવો પ્રદાન કરે છે. તે એક એવી જગ્યા છે જે બાળકો સહિત તમામ ઉંમરના લોકો માટે યોગ્ય છે. ડિજિટલ આર્ટનું થિયેટર તેના નિમજ્જન પ્રદર્શનો, ઈન્ટરેક્ટિવ ઈન્સ્ટોલેશન્સ અને વિવિધ કલાત્મક સ્વરૂપોની શ્રેણી સાથે જીવનના તમામ ક્ષેત્રના લોકોને મોહિત કરશે અને પ્રેરણા આપશે. કલાના શોખીનો, ટેક્નોલોજીના શોખીનો અને અનન્ય સાંસ્કૃતિક અનુભવો મેળવવા માંગતા વ્યક્તિઓ માટે તે ચોક્કસ મુલાકાત લેવી આવશ્યક છે. ડિજિટલ આર્ટનું થિયેટરઃ આ આકર્ષક સાંસ્કૃતિક આકર્ષણથી મંત્રમુગ્ધ થવા માટે તમારી જાતને તૈયાર કરો જે કલા, ટેક્નોલોજી અને મલ્ટીમીડિયાને ઈમર્સિવ વિઝ્યુઅલ અનુભવો પ્રદાન કરે છે. તે એક એવી જગ્યા છે જે બાળકો સહિત તમામ ઉંમરના લોકો માટે યોગ્ય છે. ડિજિટલ આર્ટનું થિયેટર તેના નિમજ્જન પ્રદર્શનો, ઈન્ટરેક્ટિવ ઈન્સ્ટોલેશન્સ અને વિવિધ કલાત્મક સ્વરૂપોની શ્રેણી સાથે જીવનના તમામ ક્ષેત્રના લોકોને મોહિત કરશે અને પ્રેરણા આપશે. કલાના શોખીનો, ટેક્નોલોજીના શોખીનો અને અનન્ય સાંસ્કૃતિક અનુભવો મેળવવા માંગતા વ્યક્તિઓ માટે તે ચોક્કસ મુલાકાત લેવી આવશ્યક છે.

લા પેર્લે શોઃ જો તમે આકર્ષક એક્રોબેટિક્સ, અદ્યતન ટેકનોલોજી અને રોમાંચક એક્શનનો આનંદ માણતા હો, તો તમારે લા પેર્લે બાય ડ્રેગન ખાતે સીટ રિઝર્વ કરવી જોઈએ.




દર વર્ષે અદ્ભુત ૪૫૦ પ્રદર્શન સાથે, તે દુબઈનો પ્રથમ કાયમી શો છે. જેમ તમે જુઓ છો કે બહુ-પ્રતિભાશાળી કલાકારો તેમની વિશિષ્ટ પ્રતિભાના સમૂહ સાથે અસંખ્ય હવાઈ અને જળચર શોષણ કરે છે, અમે તમને કહી શકીએ છીએ કે તમે ઉત્સાહ સાથે તમારી બેઠકની ધાર પર હશો. આ ૯૦-મિનિટના કોન્સર્ટ દરમિયાન, જાદુઈ રીતે સમયની મુસાફરી કરવા માટે તૈયાર થાઓ. ટોપ ગોલ્ફ - ટોપ ગોલ્ફ એ અમીરાત ગોલ્ફ ક્લબમાં ૬૦,૦૦૦ ચોરસ ફુટથી વધુમાં ફેલાયેલું ત્રણ-સ્તરનું મનોરંજન સ્થળ છે, જેમાં રૂફટોપ ટેરેસ છે. તે ઈન્ટરેક્ટિવ ગોલ્ફ ગેમ્સ, લાઈવ મ્યુઝિક, ડાઈનિંગ ઓફર કરે છે અને ઈવેન્ટ હોસ્ટ કરવા માટે પણ ગોઠવવામાં આવે છે. ગેમિંગથી આગળ વધીને, ટોપગોલ્ફ ત્રણ રેસ્ટોરાં, એક રિટેલ સ્પેસ, ત્રણ લક્ઝરી ફૈં સ્યુટ્સ, રમતગમત જોવા માટે મોટી ટીવી સ્ક્રીન, મિની-ગોલ્ફ કોર્સ અને લાઈવ મ્યુઝિકનું ઘર છે. મોહમ્મદ બિન રશીદ લાઈબ્રેરી - આ પુસ્તક પ્રેમીઓ માટે છે. દુબઈમાં મોહમ્મદ બિન રશીદ પુસ્તકાલય સંશોધનાત્મકતા અને ટકાઉપણુંનું શિખર છે. તે રેહાલના વિચારનો ઉપયોગ કરીને ડિઝાઈન કરવામાં આવ્યું હતું, પરંપરાગત લાકડાના પુસ્તકના આરામનો ઉપયોગ પવિત્ર કુરાનને પાઠ દરમિયાન રાખવામાં આવે છે. ત્યાં નવ પુસ્તકાલયો છે, અને દરેકમાં અલગ-અલગ પ્રેક્ષકોને ધ્યાનમાં રાખીને વિશિષ્ટ પ્રકારના સંસાધનો છે. દુબઈના ઈન્ડોર મ્યુઝિયમો અને સાંસ્કૃતિક સ્થળો શહેરના સમૃદ્ધ વારસા, કલાત્મક પરાક્રમ અને સાંસ્કૃતિક વિવિધતાનો પ્રવેશદ્વાર આપે છે. આ મનમોહક ઈન્ડોર રત્નોની શોધ કરીને દુબઈમાં તમારા સમયનો મહત્તમ ઉપયોગ કરો, ઉનાળાને પાર કરતા સમૃદ્ધ અને આનંદપ્રદ અનુભવની ખાતરી કરો. ટોપ ગોલ્ફ - ટોપ ગોલ્ફ એ અમીરાત ગોલ્ફ ક્લબમાં ૬૦,૦૦૦ ચોરસ ફુટથી વધુમાં ફેલાયેલું ત્રણ-સ્તરનું મનોરંજન સ્થળ છે, જેમાં રૂફટોપ ટેરેસ છે. તે ઈન્ટરેક્ટિવ ગોલ્ફ ગેમ્સ, લાઈવ મ્યુઝિક, ડાઈનિંગ ઓફર કરે છે અને ઈવેન્ટ હોસ્ટ કરવા માટે પણ ગોઠવવામાં આવે છે. ગેમિંગથી આગળ વધીને, ટોપગોલ્ફ ત્રણ રેસ્ટોરાં, એક રિટેલ સ્પેસ, ત્રણ લક્ઝરી ફૈં સ્યુટ્સ, રમતગમત જોવા માટે મોટી ટીવી સ્ક્રીન, મિની-ગોલ્ફ કોર્સ અને લાઈવ મ્યુઝિકનું ઘર છે. મોહમ્મદ બિન રશીદ લાઈબ્રેરી - આ પુસ્તક પ્રેમીઓ માટે છે. દુબઈમાં મોહમ્મદ બિન રશીદ પુસ્તકાલય સંશોધનાત્મકતા અને ટકાઉપણુંનું શિખર છે. તે રેહાલના વિચારનો ઉપયોગ કરીને ડિઝાઈન કરવામાં આવ્યું હતું, પરંપરાગત લાકડાના પુસ્તકના આરામનો ઉપયોગ પવિત્ર કુરાનને પાઠ દરમિયાન રાખવામાં આવે છે. ત્યાં નવ પુસ્તકાલયો છે, અને દરેકમાં અલગ-અલગ પ્રેક્ષકોને ધ્યાનમાં રાખીને વિશિષ્ટ પ્રકારના સંસાધનો છે. દુબઈના ઈન્ડોર મ્યુઝિયમો અને સાંસ્કૃતિક સ્થળો શહેરના સમૃદ્ધ વારસા, કલાત્મક પરાક્રમ અને સાંસ્કૃતિક વિવિધતાનો પ્રવેશદ્વાર આપે છે. આ મનમોહક ઈન્ડોર રત્નોની શોધ કરીને દુબઈમાં તમારા સમયનો મહત્તમ ઉપયોગ કરો, ઉનાળાને પાર કરતા સમૃદ્ધ અને આનંદપ્રદ અનુભવની ખાતરી કરો.

## તંત્રી લેખ...


# હવે અંગ્રેજી ભાષાનો ક્રેઝ

આ માહિતી ચોંકાવનાર છે કે અંગ્રેજી બોલવા અને તેમાં કામ કરવાની કુશળતાના મામલે અમે થોડાક પાછળ રહી ગયા છીએ. જ્યારે ચીને પોતાની સ્થિતીમાં ઝડપથી સુધારો કર્યો છે. સ્વીડનની શિક્ષણ સંસ્થા ઈએફ એજ્યુકેશન ફર્સ્ટ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત આ વર્ષે તેની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે. માતાપિતા બાળકોની વધારે કાળજી લઈ રહ્યા છે.એટલે કે હવે તેની સ્થિતી અગાઉના વર્ષની તુલનામાં નબળી પડી રહી છે. બીજી બાજુ ચીન પોતાના સ્થાનમાં અને પ્રદર્શનમાં સુધાર કરીને સીધી રીતે આઠ સ્થાન સુધાર કરીને તે હવે ૩૯માં સ્થાન પર છે. આ રિપોર્ટ ૭૨ દેશોના ૯૫૦૦૦૦ યુવાનોને આવરી લઈને કરવામાં આવેલા ઈંગ્લિશ ટેસ્ટ પર આધારિત છે. ઈએફ એજ્યુકેશન ફર્સ્ટ બિન અંગ્રેડી ભાષા દેશોની અંગ્રેજીની કુશળતાને લઈને ટેસ્ટ કરે છે. તેમના મુલ્યાંકન કરે છે. ભારતના સંબંધમાં આ નિષ્કર્ષ કાઢવાની બાબત મુશ્કેલ છે કે ભારતીય ભાષામાં જોર વધવાના કારણે અંગ્રેજી પ્રત્યે ધ્યાન લોકોનુ હટી ગયુ છે. દેશમાં આવી કોઈ પ્રક્રિયા હાલમાં ચાલી રહી નથી. ચોક્કસપણે ૬૦ના દશકમાં હિન્દી સમર્થક રાજનિતીની ધારા ચોક્કસપણે ઉભરી આવી હતી. જેના દ્વારા અંગ્રેજીનો વિરોધ કરવામાં આવ્યો હતો. પરંતુ આજે આ રાજકીય બાબત દેખાઈ રહી નથી. તેની કોઈ ચર્ચા જોવા મળી રહી નથી. છેલ્લા એઓક દોઢ દાયકામાં અંગ્રેજીમાં અભ્યાસ કરનાર અને આને લઈને એક સર્વસંમતી બની છે. અંગ્રેજીને મહત્વ આપવામાં આવી રહ્યુ છે. નેશનલ યુનિવર્સિટી ઓફ એજ્યુકેશન, પ્લાનિંગ એનડ એડમિનિસ્ટ્રેશનના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી વર્ષ ૨૦૧૦-૧૧ના ગાળા દરમિયાન અંગ્રેજી માધ્યમની સ્કુલોમાં પ્રવેશ માટેના આંકડામાં ૨૭૪ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. હિન્દીને ઓછુ મહત્વ આ ગાળામાં મળ્યુ છે. આ આંકડા સમાજના બદલાઈ રહેલા માઈન્ડસેટને દર્શાવે છે. આજના પેરેન્ટસ ભાષાના પ્રશ્ન પર ભાવુકતાથી જોવાના બદલે વ્યહારિક રીતે નિહાળે છે. પેરેન્ટસને આ અંગેની માહિતી છે કે અંગ્રેજી તમામ સામાજિક-આર્થિક ગતિવિધીના એકલા માધ્યમ તરીકે ઉભરી છે. મોડર્ન ટેકનોલોજી અને લાઈફ સ્ટાઈલની સાથે સાથે તાલમેળ બેસાડી દેવા માટે આ બાબત આજે ખુબ જરૂરી પણ બની છે. અંગ્રેજી આજે રોજી રોજગારીની ભાષા પણ છે. પાવર પણ અંગ્રેજીમાં દેખાય છે. પરંતુ અમારા દેશની સમસ્યા એ છે કે બ્રિટીશ સામ્રાજયવાદમાં લાંબા સમય સુધી રહેવાના કારણે અંગ્રેજી હવે માત્ર એક ભાષા તરીકે રહી નથી. આ આંકડા સમાજના બદલાઈ રહેલા માઈન્ડસેટને દર્શાવે છે. સમાજ વર્ગેમાં વિભાજિત હોવાના કારણે અહીં અંગ્રેજીના પણ કેટલાક મુલ્યો છે. અભિજાત વર્ગની અંગ્રેજી બિલકુલ અલગ છે. તેમાં બ્રિટીશ સ્વરૂપ અને ગ્રામર પર ખાસ ભાર છે. ખ્રિસ્તી મિશનરી સ્કુલ અલગ પ્રકારની અંગ્રેજી ભાણવે છે જ્યારે અંગ્રેજી માધ્યમના સામાન્ય સ્કુલોમાં અંગ્રેજી ભાષા જુદા જુદા પ્રકારની હોય છે. આજે ગામડામાં અંગ્રેજી સ્કુલો જોવા મળે છે. પરંતુ તેમાં ભણાવતા શિક્ષકોનુ જ્ઞાન મર્યાદિત છે.

# પ્રિન્ટ મીડિયા કરતાં ઈલેક્ટ્રોનિક મીડિયાનું પ્રમાણ વધ્યું છે, ત્યારે સાચા પત્રકારનું દાયીત્વ શું છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન : ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)




આ જકાલ તો જ્યાં જુવો ત્યાં ન્યુઝ પેપર અને ચેનલોનાં રાફડા ફાટ્યા હોય તેવું વાતાવરણ છે, અને દરેકે દરેકને પોતાના ન્યુઝ પેપરને કે ચેનલને પ્રસિદ્ધ કરવું છે, એટલે રાજકીય વાત હોય, મર્ડર મિસ્ટ્રી હોય, કુદરતી આપત્તિ હોય, કે અંધશ્રદ્ધા જેવી જાતભાતની અને ચટપટી ખબરોનો ઢગલો જનતા સમક્ષ કરે છે, અને એ પણ જાહેરાતની જેમ રંગીન અને મસાલેદાર બનાવીને. આપણે સૌ જાણીએ છીએ એમ બધું જ સાચું નથી હોતું, અથવા તો જેટલી માત્રામાં બતાવવામાં આવે છે એટલું તો નથી જ હોતું, અને કુદરતી આપત્તિનાં ન્યુઝ હોય કે ચોરી ડકેતી તો લોકો ભયભીત પણ થઈ જાય! ટૂંકમાં સાવધાન કરાવનારું આ પ્લેટફોર્મ સમસ્યા પણ સર્જી શકે છે. પણ જો પ્રશ્ન થાય કે પત્રકારનું સાચું દાયીત્વ શું છે?? તો બહુ સ્વાભાવિક રીતે જ આપણે કહીએ કે પ્રજા સમક્ષ સાચી હકીકતની જાણકારી લાવે તે પત્રકાર કહેવાય, પછી તે ગમે તે મીડિયા હોય! આજકાલ તો દરેકના હાથમાં સ્માર્ટફોન નામનું રમકડું હોવાથી સોશ્યલ મીડિયા પણ સમચાર પ્રસારનું બહુ મોટું અને ખતરનાક પ્લેટફોર્મ બની ગયું છે,અને એ રીતે જોઈએ તો દરેક સ્માર્ટફોન ધારક એક પત્રકાર છે, જે સાચું ખોટું કંઈ જાણ્યા વગર એવી વાતો આ માધ્યમથી ફેલાવે છે. આવાં સંજોગો ઉદભવે ત્યારે પત્રકારનું દાયીત્વ તેને યાદ રહેવું બહુ જરૂરી બની જાય છે, કે જનતા સમક્ષ કોઈ ખોટી માહિતી કે સમચાર પહોંચે નહીં.

સાંપ્રત સમયમાં આ વાવાઝોડાને કારણે તમામ પ્રકારના વ્યાપથી કેટલા બધા સમાચારો રોજ રોજ પ્રસિદ્ધ થયાં. કુદરત સર્જીત વાવાઝોડાની અસર હજી સમી નહોતી ત્યાં રાજકારણમાં વાવાઝોડું આવ્યું અને મહારાષ્ટ્રમાં શીંદે સરકાર સાથે મળીને શરદ પવારને અંધારામાં રાખી તેનાં ભત્રીજા અજીત પવારે સી એમ નાં શપથ લીધા, અને ફડણવીસ સાથે એ પણ હવે સત્તા સંભાળશે! હવે આ ખબરને મિડિયા એ તથા સોશિયલ મીડિયા એ બહુ ચગાવી, જેની એટલી જરુર નહોતી કારણ કે રાજકારણમાં આ બધું તો હવે સામાન્ય થતું જાય છે, એમાં પણ ગુજરાતીને આશ્ચર્ય થવું ન જોઈએ,કારણ કે આપણે ત્યાં પણ રૂપાણી સરકારનું રાજીનામું અને ભૂપેન્દ્ર પટેલ નાં શપથ બધું એમ જ થયું હતું, જોકે રાજનીતિ આપણી લાઈન નથી એટલે સાચું ખોટું રામ જાણે! ટૂંકમાં જે પક્ષનું વજન વધુ ત્યાં ઘણાં ઘણાં બેસી જતા હોય છે,અને જનતાની સેવાનો મુખ્ય સંકલ્પ જ ભૂલી જતા હોય છે. આવાં લોકોને વારંવાર બતાવી મિડિયા વગર કારણે એમને હિરો બનાવી દેતી હોય છે, એટલે ખોટી પ્રસિદ્ધ પણ મળી જતી હોય છે, તો ક્યારેક સગાવાદમા સત્તાની ખેચમખેચીમાં ત્રીજો પણ ફાવી જતો હોય છે, જેમકે ગયા વર્ષ એકનાથ શીંદે. માટે જ પત્રકારે આ બધું ખાસ ધ્યાનમા રાખવાનું કે, જનતામાં ખોટી માહિતી જાય નહીં, ડર અને નિરાશાનું પ્રમાણ વધે નહીં, એટલે કે કોઈ પણ પ્રકારની અફવાને રદિયો આપી, જનતા સમક્ષ નિષ્પક્ષ સત્યને ઉજાગર કરવાનું હોય છે.

લોકશાહીમાં લોકતંત્ર દ્વારા સરકાર નક્કી થાય છે, એટલે હારેલા પક્ષ, વિરોધી પક્ષ, તરીકે સરકાર પર પરિસ્થિતિ પ્રમાણે આક્ષેપ કરતી હોય છે, અને વર્ષોથી આપણે આવા રાજકીય સ્ટંટ થતાં જોવા મળે છે. પહેલા તો એમાં પણ મર્યાદા હતી હવે તો અમર્યાદ વાણી.. , અને જે પક્ષે વર્તમાન સમયમાં સરકાર રચી હોય, તેની પર વિપક્ષ દ્વારા સતત આક્ષેપ બાજી થતી હોય છે.જ્યારે આવી પરિસ્થિતિ આવે ત્યારે પત્રકારનું દાયીત્વ વધી જાય છે કે, તે જનતા સમક્ષ સાચી માહિતી પહોંચાડે. એટલે કે જે તે સમાચાર તે પ્રજા સમક્ષ રજૂ કરે છે, એ પત્રકાર કોઈ પણ રાજકીય પક્ષના દબાણ હેઠળ સમચાર પ્રસારિત કરે નહીં, કે કોઈ પણ પક્ષની તરફદારી કર્યા વગર નીડરતાથી સત્ય હકીકતને જનતા સમક્ષ લાવે. સાચો પત્રકાર જનતાને સમજાય, અને ગેરમાર્ગે દોરાયા વગર સાવચેત થાય એ રીતે સમાચાર પ્રસ્તુત કરે છે,

દરેક ક્ષેત્રમાં રાજકારણ પ્રવેશી ગયું હોવાથી પરિસ્થિતિ દિવસેને દિવસે વધુ વિકટ થતી જાય છે, તેમજ આંતરરાષ્ટ્રીય સંબંધો આયાત નિકાસ વેપ ાર વ્યવસાય વગેરે પણ હવે વિકાસના આ દોરમાં જાણવું જરૂરી બની ગયું છે. ઉપરાંત ધર્મને નામે રાજકારણમાં કોમવાદ પણ આઝાદીના સમયથી એક હથિયાર જેમ ઈસ્તેમાલ થાય છે, અને સરહદો પરનાં છમકલાં પણ દેશની એકતાને તોડે છે. એટલે આ સમયે દરેક પત્રકારની ફરજ છે કે, તેનાં દ્વારા પ્રસારિત થતા કોઈપણ સમાચાર, કોઈ પણ માધ્યમ એટલે કે ન્યુઝ પેપર મિડિયા,કે ટેલિવિઝન મીડિયા દ્વારા પ્રસારિત કરે, ત્યારે તેની નજર સમક્ષ રાષ્ટ્ર પ્રથમ હોવું જોઈએ, કારણકે આ સમાચારથી રાષ્ટ્રની ગરિમાને નુકશાન તો પહોંચતું નથી ને? એ વિચારવું પડશે, અને એ જોવાની દરેક પત્રકારની પહેલી ફરજ છે. પક્ષ ગમે તે હોય,સરકાર ગમે તે હોય, પરંતુ દેશ મારો છે, એ ભાવ પ્રથમ હોવો જોઈએ, એટલે જનતા ઉશ્કેરાઈ જાય નહીં એવા સમાચારો પ્રસારિત કરવા જોઈએ,તો પ્રજા ગુમરાહ થાય કે અંધારામાં રહી જાય અંધશ્રદ્ધા વધે એવા સમાચાર પણ પ્રસારિત કરવા જોઈએ નહી. જે તે સમયની યોગ્ય સમીક્ષા કરી તે મુજબના સમાચારો જનતા સમક્ષ લાવવાનું કાર્ય પત્રકારનું હોય છે. કોઈ પણ પ્રકારના પ્રલોભનોથી મુક્ત થઈ, કર્તવ્ય નિષ્ઠા તેમજ દેશપ્રેમની ભાવના રાખી, પોતાના દ્વારા પ્રસ્તુત થતા સમાચારથી જનતા ગુમરાહ થાય નહીં, તેમજ દેશની ગરિમા ખરડાય નહીં! તે પહેલાં જોવું જોઈએ.

મોટેભાગે પત્રકાર તો પોતાની ફરજ પૂર્ણપ ણે નિભાવતા હોય છે, જેમ બને તેમ જનતા ને દેશમાં ઘટતી ઘટનાઓથી વાકેફ કરવાનું કાર્ય કરતા હોય છે. પરંતુ હાલમાં પ્રિન્ટ મીડિયા કરતાં ઈલેક્ટ્રોનિક મીડિયા વધુ અસરકારક બનતું જાય છે. ચેનલો વાળા ટીઆરપી માટે જાતભાતના નુસખા અજમાવી ને સમચાર ને જુદી રીતે પ્રસ્તુત કરતાં હોય છે, અને એ રીતે જનતા ગેરમાર્ગે દોરાય છે. ઉપરાંત વિપક્ષ જાણે કે વિરોધ કરવા માટે જ સંસદમાં હાજરી આપતો હોય એમ કોઈ પણ બિલ કે ખરડો પસાર થવા દેતો નથી, અને આમ એકંદરે સામાન્ય નાગરિક ના ટેક્સ માંથી મળતા નાણાં જ દાવ પર લાગે છે, અને દેશની સરકાર વિકાસને લગતું કાર્ય એનાં નિયત સમયમાં પૂરું કરી શકતી નથી.તો પ્રશ્ન થાય કે આ બધું ક્યાં સુધી... માટે અંદરોઅંદર એક થઈને આવી બધી સમસ્યા પર ધ્યાન કેન્દ્રિત કરીને, દેશને માથેથી બધી પ્રકારના સંકટ દૂર કરીએ. વારેવારે સરકાર ફેઈલ ગઈ! સીસ્ટમ ફેઈલ ગઈ ! રાજકીય માળખું જ ખોટું છે! વગેરે વગેરે,વાતે વિરોધ કરીને સમાજની શાંતિનાં મહોલને ખરાબ કરીએ નહીં, તે બંને પક્ષે ખાસ યાદ રાખવું જોઈએ. જનતા એ પણ કોઈના કહેવામાં આવ્યાં વગર સત્તાધીશ સરકાર પર કોઈ જાતના આક્ષેપ કર્યા વગર સરકારના કાર્યમાં સહયોગ અને સહકાર આપવો જોઈએ.

### ખાનગી ક્ષેત્ર વેતન અને ભથ્થામાં સુધારો કરશે અને સેવા શરતોને આકર્ષક બનાવશે તો સરકારી નોકરીને લઇને આકર્ષણ ઘટશે

# સરકારી નોકરીને લઇને આકર્ષણ






હાલના દિવસોમાં સરકારી કર્મચારીઓની સાથે જોડાયેલા સમાચારોને લઈને બજાર ગરમ છે. એક બાજુ થોડાક સમય પહેલા એવા હેવાલ આવ્યા હતા કે ભારત સરકાર સરકારી કર્મચારીઓની સેવાનિવૃતિની વય મર્યાદા ૬૦ વર્ષથી વધારીને ૬૨ વર્ષ કરવા માટે તૈયાર છે. હવે એવા પણ હેવાલ આવી રહ્યા છે કે સરકારની યોજના સેવાનિવૃ તિની વય તો યથાવત રાખવાની છે પરંતુ ૩૩ વર્ષની સેવા કરી ચુકેલી કર્મચારીઓને નિવૃતિ આપી દેવાની રહેલી છે. જ્યારે આ પ્રકારના હેવાલ આવ્યા ત્યારે હોબાળો થયા બાદ સંસદીય બાબતોના મંત્રાલય કેન્દ્ર સરકાર દ્વારા ખુલાસો કરવાની ફરજ પડી હતી. સરકારને કહેવુ પડ્યુ કે તેની આવી કોઈ યોજના નથી. છતાં પણ એટલી બાબત તો સમજી લેવાની છે કે અપેક્ષાકૃત સરળ અનવે આરામદાયક ગણાતી સરકારી નોકરીમાં પણ સેવા શરતોમાં હવે મોટા પાયે ફેરફાર કરવામાં આવી શકે છે. આ જ કારણ છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં કેન્દ્ર સરકારે પોતાના ભ્રષ્ટ અને નિષ્ક્રિય બની ગયેલા અધિકારીઓને બળજબરીપૂર્વક નિવૃત કરીને ઘરનો રસ્તો બતાવી દીધો છે. એકબાજુ હાલના સમયમાં સરકારી કર્મચારીઓ પ્રજા પ્રત્યે તેની જવાબદારી વધારે અસરકારક રીતે અદા કરે તેવી માંગ ઉઠી રહી છે. બીજી બાજુ દેશમાં બેરોજગારી જોરદાર રીતે વધી રહી છે. બેરોજગારી વર્ષોથી એક ગંભીર સમસ્યા બનેલી છે. સમજવાની બાબત એ છે કે રોજગારમાં જે કમીની વાત કરવામાં આવી રહી છે તે પ્રમુખ રીતે સરકારી નોકરી સાથે સંબંધિત છે. આ બાબત પણ યોગ્ય છે કે વસ્તી જે ગતિથી વધી રહી છે તેની સરખાણમણીમાં રોજગારીમાં વધારો થઈ રહ્યો નથી. આ કમી માટે એ કર્મીઓ પણ ઓછા જવાબદાર નથી જે કર્મચારીઓએ સરકારી વિભાગોની ઓળખને સુસ્ત અને ઉદાસીન કામવાળા વિભાગ તરીકે ઉભી કરી દીધી છે. એક પક્ષ એ પણ છે કે કોઈ પણ સરકારી કામકાજ માટે જેટલો ખર્ચ કરવામાં આવે છે તે જ કામ માટે ખાનગી ક્ષેત્રે રહેલા લોકો ઓછા ખર્ચમાં પૂર્ણ કરી આપે છે. જાણકાર લોકો કહે છે કે સરકારી નોકરી મેળવી લીધા બાદ યુવાનો શરૂઆતમાં શાનદાર રીતે અને ઉત્સાહથી કામ કરે છે પરંતુ ધીમે ધીમે તેમનો ઉત્સાહ ઓછો થતો જાય છે. આ બાબત જુદી છે કે નોકરીમાં આવતા પહેલા તેમની માનસિકતા કઈક કરી બતાવવા માટેની હોય છે. આ તમામ બદલાયેલી પ્રાથમિકતાના કારણે જ સરકારી ઓફિસમાં કર્મચારીઓ દિનપ્રતિદિન કામને લઈને ઉદાસીન બનતા જાય છે. સાથે સાથે કામ પર પુરતુ ધ્યાન આપતા નથી. એટલુ જ નહીં બલ્કે ઓફિસના સમયમાં અંગત કામકાજને પૂર્ણ કરવામાં પણ ખચકાટ અનુભવ કરતા નથી. કેટલાક લોકો તો કામના બદલે જે વેતન મળે છે તેને અપુરતા તરીકે ગણીને કમાણીના બીજા વિકલ્પ તરીકે પણ કોઈ કામ શોધતા રહે છે. સરકારી સ્કુલોમાં શિક્ષકો અને સરકારી હોસ્પિટલમાં તબીબોની આવી જ સ્થિતી રહેલી છે. શિક્ષકો પોતાના પદસ્થાનવાળા સ્કુલોમાં બાળકો પર ધ્યાન ઓછુ આપે છે અને ટ્યુશન પર વધારે ધ્યાન કેન્દ્રિત કરે છે. ડોક્ટર પણ સરકારી હોસ્પિટલમાં અસરકારક રીતે ફરજ અદા કરવાના બદલે ખાનગી ક્લિનિક પર જામેલા રહે છે. જ્યારે સ્થિતી આવી હોય છે ત્યારે સરકારી કર્મચારીઓ અને સરકારી સંસ્થાઓ પ્રત્યે સામાન્ય વ્યક્તિનુ વલણ પણ આવી જ થઈ જાય છે. આનુ પરિણામ એ છે કે લોકો પોતાના બાળકોને સરકારી સ્કુલોમાં ભણવા માટે મોકલતા નથી. બીજી બાજુ સક્ષમ લોકો સરકારી હોસ્પિટલમાં સારવાર કરાવી લેવાના બદલે ખાનગી હોસ્પિટલોમાં સારવાર કરવાનુ પસંદ કરે છે. સવાલ એ છે કે જ્યારે સ્કુલોમાં વિદ્યાર્થીઓ ઓછા હોય છે અને સરકારી હોસ્પિટલમાં દર્દીઓ ઓછા હોય છે ત્યારે ત્યાં સરકારી કર્મચારીઓની સંખ્યા કઈ રીતે વધી શકે છે. આવી જ સ્થિતી તમામ સરકારી વિભાગોમાં જોઈ શકાય છે. અમારે ત્યાં સરેરાશ વયમાં વૃ દ્ધિ પણ એક મોટા કારણ તરીકે છે. જેના કારણે સેવાનિવૃતિની વય વધારી દેવા માટેની માંગ ઉઠી રહી છે. તબીબી સેવામાં સુધારાના કારણે નિવૃતિ બાદ પણ વ્યક્તિ સ્વસ્થ અને ફિટ રહે છે. જેથી તેઓ ઈચ્છે છે કે તેમને વધારે થોડાક સમય સુધી કામ કરવાની તક આપવામાં આવે. જેના કારણે કેટલાક ક્ષેત્રોમાં તો સેવા નિવૃતિની વય વધારી દેવામાં આવી છે.

### સ્ટોક બ્રોકર શેર માર્કેટમાં પોતાના ક્લાઇન્ટના લેવડદેવડના મામલાને જોવે છે : કોમ્પ્યુટરમાં પ્રાથમિકતા રહે તે તમામ માટે જરૂરી છે

# સ્ટોક બ્રોકિંગ ફિલ્ડમાં કેરિયર બનાવો





આ ધુનિક સમયમાં સ્ટોક બ્રોકિંગંના ક્ષેત્રમાં પણ શાનદાર કેરિયર બનાવી શકાય છે. જો તમે કોમર્સના ક્ષેત્ર સાથે જોડાયેલ છો તો આ ક્ષેત્રે શાનદાર કેરિયર રહેલી છે. કોમર્સ સાથે જોડાયેલા લોકો સ્ટોક બ્રોકિંગના ક્ષેત્રે ઉલ્લેખનીય કેરિયર બનાવી શકે છે. હાલના સમયમાં સ્ટોક બ્રોકિંગના ક્ષેત્રમાં કેરિયર બનાવવા માટેની વ્યાપક તક રહેલી છે. કોમર્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આ ક્ષેત્ર ખુબ શાનદાર છે. કોમર્સ પ્રવાહના વિદ્યાર્થીઓ આ ક્ષેત્રે કામ કરીને મોટી સફળતા હાંસલ કરી શકે છે. કોમર્સના વિદ્યાર્થીઓ સામાન્ય રીતે કારોબાર સાથે જોડાયેલા ક્ષેત્રમાં આગળ વધે છે. જેથી આ ક્ષેત્ર પણ તેમના માટે યાદગાર અને આકર્ષક બની શકે છે. સ્ટોક અને અન્ય સિક્યુરિટીજને ખરીદવા અને વેચવાની પ્રોસેસને સ્ટોક બ્રોકિંગકહેવામાં આવે છે. એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ઈન્ડિયન બ્રોકિંગ ઈન્ડસ્ટ્રીઝનો ગ્રોથ રેટ પાંચથી ૧૦ ટકા સુધી રહ્યો હતો. ભારતમાં સ્ટોક બ્રોકિંગના ફિલ્ડમાં ઉમેદવારોના ભાવિ આશાસ્પદ છે. કેટલાક વર્ષોના કામના અનુભવના આધાર પર આ ક્ષેત્રે પ્રોફેશનલો સારા પગાર મેળવી શકે છે. સારા પગાર પેકેજના કારણે કેરિયર પણ શાનદાર રહી શકે છે. સ્ટોક બ્રોકર કોણ છે તેવો પ્રશ્ન સીધી રીતે થાય તે સ્વાભાવિક છે. આના જવાબમાં નિષ્ણાંતો કહે છે કે સ્ટોક બ્રોકર શેર માર્કેટમાં પોતાના ક્લાઈન્ટની લેવડદેવડને નિહાળે છે.કોઈ પણ સ્ટોક બ્રોકર સ્ટોક એક્સચેંજ અને રોકાણકાર વચ્ચે એક કડી તરીકે કામ કરે છે. બ્રોકર વગર કોઈ પણ રોકાણકારો તેમના સોદા શેર બજારમાં મુકી શકે તેમ નથી. શેર માર્કેટમાં એન્ટ્રી કરવા માટે ઈચ્છુક લોકોને સૌથી પહેલા ડીમેટ ખાતા અને ટ્રેડિંગ એકાઉન્ટની જરૂર પડે છે. સ્ટોક બ્રોકર તરીકે પોતાના કેરિયરને બનાવવા માટે ઉમેદવારને કોમ્પ્યુટરની પ્રાથમિક માહિતી તો હોવી જ જોઈએ. સાથે સાથે બિઝનેસ કોમ્યુનિકેશન ખુબ શાનદાર રહે તે જરૂરી છે. સાથે સાથે શેરબજારમાં કામ અંગે માહિતી હોવી જોઈએ. વિદ્યાર્થીને ક્લાઈન્ટ્સની સાથે વાતચીત કરવા અને કંપનીઓના શેર સ્ટોક ખરીદવા માટેની માહિતી હોવી જોઈએ. આના માટે વિદ્યાર્થીઓ ખાસ ટ્રેનિગં મેળવી શકે છે. જેટલી માહિતી શેરબજારમાં વધારે રહેશે તે તેની કેરિયરમાં એટલી જ મોટી સફળતા હાંસલ કરી શકે છે. લાયકાતન વાત કરવામાં આવે તો ગ્રેજુએશનની ડિગ્રી જરૂરી રહે છે. ગ્રેજુએશનના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ પીજી ડિપ્લોમા ઈન બેકિંગ એન્ડ ફાયનાન્સ કોર્સ માટે અરજી કરી શકે છે. તે આ રીતે સ્ટોક બ્રોકર બનવાની દિશામાં આગેકુચ કરી શકે છે. વિદ્યાર્થીઓને માર્કેટિંગ, બિઝનેસ એકાઉન્ટિગ અને ફાયનાન્સ જેવા ક્ષેત્રોમાં ખાસ ધ્યાન રહે તે જરૂરી છે. સાથે સાથે યોગ્ય લાયક ઉમેદવારમાં તરત જ સાહસી નિર્ણય કરવાની કુશળતા પણ હોવી જોઈએ. સ્ટોક બ્રોકર તરીકે તમે પોતાના ફાયનાન્સિયલ એડવાઈજર, બેંક બ્રોકર, સ્વતંત્ર બ્રોકર, ઈન્વેસ્ટમેન્ટ બ્રોકર, ઈક્વિટી એનાલીસીસ તરીકે કામ કરી શકે છે. જો તમે ઈચ્છો તો ઈન્વેસ્ટમેન્ટ બેંક્સ પેન્શન ફંડ, બ્રોકિંગ ફર્મ, મ્યુચ્યુઅલ ફંડ્સ, રિસર્ચ સેન્ટરમાં સારા હોદ્દા પર કામ કરી શકો છો. યાદ રાખવા માટેની બાબત એ છે કે સૌથી પહેલા તો આ અંગે માહિતી મેળવી લેવાની જરૂર હોય છે કે સ્ટોક માર્કેટ કઈ રીતે કામ કરે છે. ત્યારબાદ માર્કેટ રેગ્યુલેટર સેબી સમક્ષ નોંધણી કરાવવાની જરૂર હોય છે. આપની અંદર માર્કેટમાં આવતા ઉતારચઢાવને સમજી લેવાની ક્ષમતા હોવી જોઈએ. શેરબજારમાં કેટલાક જોખમ હોય છે. તેમાં જોખમી પરિબળો પણ હોય છે. શેરબજારમાં ઝડપથી નાણાં આવે છે. સાથે સાથે આડેધડ જોખમ લેવાની સ્થિતીમાં ભારે નુકસાન પણ થઈ શકે છે.

શેરબજારમાં હાલના સમયમાં લોકો વધુને વધુ એન્ટ્રી કરી રહ્યા છે. આવી સ્થિતીમાં પ્રાથમિક માહિતી મેળવી લીધા બાદ જ આ ક્ષેત્રમાં પ્રવેશ કરી શકાય છે. સ્ટોક બ્રોકિંગના ક્ષેત્રમાં જંગી નાણાં રહેલા છે. સાથે સાથે તેમાં ઝડપી નિર્ણય લેવાની ક્ષમતા પણ રહે છે.

## ભોજનાલય સહિત ભક્તોને મળશે રોપ-વેની સુવિધા



ગુજરાતીઓના આસ્થા કેન્દ્ર સમા પાવગઢ સાથે અનેક દંતકંથાઓ જોડાયેલી છે. એટલું જ નહીં, અહીં ગૌરવવંતી ગુર્જરધરાની ચાંપાનેર ઐતિહાસિક વિરાસત પણ ભગ્નાવશેષ સ્વરૂપે ધરબાયેલી છે. અનેક કુદરતી તાંડવ અને ઝંઝાવાતો પછી પણ આ પાવાગઢ પર્વત અકબંધ અને અડીખમ છે. પાવગઢ ખાતે આવેલું ૫૧ શક્તિપીઠ માંથી એક મહાકાળી માતાજી મંદિરના વિકાસ માટે ગુજરાત સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ૨૦૧૭માં ૧૨૧ કરોડ ફાળવવામાં આવ્યા હતા. જે કામોનું ૨૦૨૨માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લોકાર્પણ કરી અને મંદિરની ધ્વજારોહણ કર્યું હતું. યાત્રાધામ તળેટી, માંચી અને મહાકાળી માતાજીનું મંદિર એમ મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. સરકાર દ્વારા પાવાગઢના વિકાસની કામગીરી બે ફેઝમાં કરવામાં આવી હતી, ત્યારે હવે ફેઝ ત્રણમાં તળેટીના વિસ્તાર માંચી ચોક ખાતે પાયાની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. માંચી ચોક ખાતે ખાણીપીણીના સ્ટોલ, ઈન્ફોર્મેશન સેન્ટર, હેલ્થ, પોલીસ, વોટર સપ્લાય, વીજળી અને એડમીન બ્લોક બનાવવા માટે સરકારે ૧ કરોડ રૂપિયાના વહીવટીની મંજૂરી આપી છે. ત્યારે ઓફિસ બ્લોકનું બાંધકામ, ચાચર ચોકનું સ્ટોન ફલોરિંગ, મલ્ટી લેવલ પાર્કિંગ, શૌચાલય, પ્રવેશ દ્વાર, સાઈનેજીસ, ફાયર- ફાઈટીંગ, વોટર સપ્લાય, ડ્રેઈનેજીસ અને ઈલેક્ટ્રીફીકેશનની કામગીરી અંદાજે રૂપિયા ૧૩ કરોડના ખર્ચે કરવામાં આવશે. ત્યારે ચાંપાનેર ખાતે પાર્કિંગ, રસ્તાની કામગીરી, લાઈટીંગ-ઈલેક્ટ્રીફીકેશનની કામગીરી માટે ૪૦ કરોડથી વધુનો ખર્ચ ખર્ચે કરવામાં આવશે. જેની કામગીરી ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે. ૨૩૮ કરોડના પ્રોજેક્ટ માટે માટે વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૦ કરોડની જોગવાઈ કરી છે. વડીલો સહિત ભક્તો મહાકાળી માતાજીના દર્શન કરવામાં સરળતા રહે તે માટે રોપ-વે એક્સ્ટેશનની કામગીરી હેઠળ મંદિર પરિસર સુધી પહોંચી શકાય તે માટે હાઈડ્રોલિક લીફટની કામગીરી કરવામાં આવી રહી છે. તેમજ ૫ હજાર કરતા વધુ ભક્તો જમી શકે તે માટે ભોજનાલય બનાવવામાં આવશે.

# "અહિંસા પરમો ધર્મ જગતને ભગવાન મહાવીરનો સંદેશો" જૈન ધર્મ શ્રમણ સંસ્કૃતિનું પ્રદાન છે.

જૈન ધર્મ શ્રમણ સંસ્કૃતિનું પ્રદાન છે. જીવનની મૂળભૂત સમસ્યાઓનું તેમાં સમાધાન છે. મહાવીરદર્શનનો મૂળભૂત આધાર અહિંસા, પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ, દયા, કરુણા અને સમાનતાનો ભાવ છે. સંસારની બધી સમસ્યાઓના મૂળમાં અસમાનતા રહેલી છે. આ અસમાનતા દૂર થાય તો માનવ જાતની મોટા ભાગની સમસ્યાઓનો અંત આવી જાય. માણસ માણસ વચ્ચે ભેદભાવ કરાવનારા અને અંતર ઊભું કરનારા ત્રણ મુખ્ય બળો છે ઈચ્છા, આસક્તિ અને તૃષ્ણા. આ ત્રણે બળો પર માણસ વિજય મેળવે તો દુઃખ દર્દનો નાશ થાય અને માણસ આંતરિક શાંતિનો અનુભવ કરી શકે.

જૈન વિચારધારામાં ભગવાન મહાવીરે પ્રરૂપેલા સિદ્ધાંતો આદર્શ સમાજ રચના માટેના ઉત્તમ સિદ્ધાંતો છે. જો સમાજમાં ઉચ્ચ નીચના ભેદભાવ ન હોય, અસમાનતા ન હોય, પરિગ્રહ અને સંચયની ભાવના ન હોય, અહિંસા, દયા, કરુણા અને પ્રેમ હોય, અને ક્ષમા-મૈત્રીનો ભાવ હોય એ સમાજ કદી દુઃખી અને લાચાર કે અશાંત હોઈ શકે નહીં. જૈન પરંપરાએ જીવન જીવવાનો ઉત્તમ માર્ગ બતાવ્યો છે. પરિગ્રહ અને ધનનો સંચય ન હોય તો આર્થિક અસમાનતા ઓછી થઈ જાય. શોષણ, સંગ્રહખોરી, કાળાબજાર, છેતરપિંડી દૂર થાય અને કુદરતી સાધનોનો જીવન જીવવા માટે સંયમપૂર્વક જરૂર પૂરતો ઉપયોગ થાય અને પર્યાવરણની સમતુલા ડગે નહીં તો માનવજાત સુખરૂપ રહી શકે. કુદરતે આ પૃથ્વી પર તમામ જીવો પોતાની



રીતે જીવી શકે એવી સુંદર વ્યવસ્થા કરી છે. પરંતુ માનવીએ આ સમતુલાને ડગમગાવી દીધી છે. પ્રદૂષણ અને શોષણ રહિત અહિંસક સમાજ રચનાનો ખ્યાલ ભગવાન મહાવીરે આપ્યો છે.

જૈન ધર્મમાં અહિંસાને અનેરૂં મહત્ત્વ આપવામાં આવ્યું છે. જૈન ધર્મમાંથી અહિંસાને બાદ કરી નાખો તો કશું બચે નહીં. જૈન ધર્મ સિવાય દુનિયામાં બીજો કોઈ ધર્મ નથી જેણે અહિંસાને પોતાનું શિખર બનાવ્યું હોય. મહાવીરની સમગ્ર વિચારધારામાં અહિંસાનું મહત્ત્વ અનોખું છે. અહિંસા જૈન ધર્મનો પ્રાણ છે. એટલે જ કહેવાયું છે કે "અહિંસા પરમો ધર્મ ધર્મ મંગળ છે. કયો ધર્મ? અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મ. અહિંસા ધર્મનો આત્મા છે.

મહાવીરે હિંસાના સૂક્ષ્મ સ્વરૂપનો વિચાર કર્યો છે. કોઈને મારી નાખવાથી જ માત્ર હિંસા થાય છે એવું નથી. કામ, ક્રોધ, લોભ અને પરિગ્રહ પણ હિંસાના સ્વરૂપો છે. વસ્તુઓ અને વ્યક્તિઓ પરનું આધિપત્ય એ પણ હિંસા છે. જો માલિકીનો ભાવ ખતમ થઈ જાય તો પરિગ્રહ પણ રહે નહીં અને હિંસા પણ રહે નહીં. ભગવાન મહાવીરે કહ્યું છે કે તમામ જીવો પ્રત્યે આત્મવત ભાવ રાખો. જેવું તમે ઈચ્છો છો તેવું બીજા પ્રત્યે દાખવો. પ્રાણી માત્ર સુખ ઈચ્છે છે. આ સુખનો ભાવ સ્વભાવગત છે. જૈન ધર્મમાં કહ્યું છે કે "જીવ વહો અપ્પ વહો કોઈ પણ જીવની હત્યા એ પોતાની હત્યા છે. જીવદયા એ આપણા પોતાના પરની દયા છે. મહાવીરના વચનો છે કે "તમે પોતાના માટે જે ઈચ્છો છો તે બીજાને માટે પણ ઈચ્છો, અને જે તમારા માટે ઈચ્છતાં નથી એ બીજા માટે પણ ઈચ્છો નહીં. જિન શાસનનો આ મુખ્ય સાર છે. આ સૂત્રમાં મહાવીરે ઈચ્છાની ધારને નાબૂદ કરી છે. આપણે આપણા માટે જેવું ઈચ્છીએ એવું બીજા માટે ઈચ્છવાનું હોય તો ઈચ્છાનો કશો અર્થ રહે નહીં. મહાવીરે એક મહત્ત્વપૂર્ણ વાત કરી છે "તમે તમારા શત્રુ છો અને તમે તમારા મિત્ર છો. કોઈ બીજો શત્રુ નથી. તમે યોગ્ય માર્ગે ચાલો છો ત્યારે તમે તમારા મિત્ર છો. અને ખોટા માર્ગે ચાલો છો ત્યારે તમે તમારા દુશ્મન છો. આપણે ક્રોધ કરીએ છીએ ત્યારે સામા માણસને દુઃખ પહોંચે છે કે કેમ તે નિશ્ચિત નથી, પરંતુ આપણને પોતાને દુઃખ પહોંચે છે તેમાં કોઈ શંકા નથી. ક્રોધ શાંત બનીને થઈ શકતો નથી. એને માટે ઉકળવું પડે છે. સુખ અને દુઃખ આપણને કોઈ આપી શકતું નથી. સિવાય કે તે લેવા માટે આપણે ઉત્સુક હોઈએ. આ બધા સૂત્રો જીવન માટેના ઉપયોગી સૂત્રો છે.

## હઠીલા હનુમાનજી આપે છે પુત્ર પ્રાપ્તિનું વરદાન




ભકતોના કષ્ટ હરનારા હનુમાન દાદા નાના બાળકોને પણ અતિ પ્રિય હોય છે. નાના બાળકોને જ્યારે રાત્રિના સમયે ભય લાગે ત્યારે હનુમાન ચાલીસા સંભળાવવામાં આવે છે. તો ભરૂચ જિલ્લો સહિત નર્મદા જિલ્લામાં હનુમાન દાદાના અનેક મંદિરો આવેલા છે. મોસકુવા ગામે આવેલુંહઠીલા હનુમાનજીનું મંદિર આ મંદિરો પૈકીનું એક છે.

નર્મદા જિલ્લાના ડેડીયાપડા તાલુકામાં મોસકુવા ગામ સ્થિત હઠીલા હનુમાનજીનું મંદિર આવેલું છે. આજથી ૩૦ વર્ષ પહેલા વિશ્વભરમાં પ્રસિદ્ધ એવા પરમ પૂજ્ય ૧૦૦૮ સંત નારણદાસ બાપુ દ્વારા જમીન લઈ હનુમાન દાદાની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૧માં નારણદાસ બાપુ પ્રયાગરાજ મહાકુંભમાં દેવલોક પામ્યા હતા. તેઓના દેવલોક થયા બાદ ભરતદાસ બાપુએ મંદિર સેવા કાર્ય કર્યા હતા. ત્યારબાદ મંદિર ખાતે હાલ સંતોષદાસ બાપુ સેવા આપી રહ્યા છે.

મોસકુવા ગામમાં આવેલ હઠીલા હનુમાનજી મંદિર સ્થિત પુત્ર પ્રાપ્તિ સહિત ભક્તોની અનેક મનોકામના પૂર્ણ થાય છે. દિન દુખિયારાઓ અહીં આવી હનુમાન દાદાના દર્શન કરે છે. દુખિયારાઓના અહીં દુઃખ હનુમાનજી હરતા હોવાની માનતા રહેલી છે. મંદિર ખાતે સવાર સાંજ આરતી પૂજા કરવામાં આવે છે.

# સિક્કાની સરકારી હાઈસ્કૂલમાં રિલાયન્સ દ્વારા સોલાર પાવર પ્લાન્ટ સ્થપાયો

રિલાયન્સ ઈંડસ્ટ્રીઝ લિમિટેડ હંમેશા પોતાના વ્યવસાયમાં વૃદ્ધિ કરવાની સાથે-સાથે લોકોની આકાંક્ષાઓને ધ્યાને લઈને સંલગ્ન સ્થાનિક વિસ્તારની પ્રાથમિકતા, જિલ્લા વહીવટીતંત્ર, રાજ્ય અને સમગ્ર રાષ્ટ્ર માટે લાંબાગાળાના સામાજિક મૂલ્યનિર્માણને સુનિશ્ચિત કરવાનું ધ્યેય રાખે છે. સિક્કા ખાતે સન ૨૦૧૯માં બનાવેલી હાઈસ્કૂલમાં તાજેતરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણીના માર્ગદર્શન હેઠળ સોલાર પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સન ૨૦૧૯ માં સિક્કા નગરપાલિકાની સહભાગિતામાં વિજ્ઞાન શિક્ષણ, ડિજિટલ સાક્ષરતા, રમતગમત, શાળા




સલામતી (CCTV) વગેરેની સુવિધાઓ સાથે બનાવેલું લર્નિંગ ફ્રેન્ડલી બિલ્ડિંગ હાલ કાર્યરત છે. તાજેતરમાં આ શાળા ઉર્જા સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતા પ્રાપ્ત કરી શકે તે માટે રિલાયન્સ દ્વારા 6kW સોલાર



પાવર પ્લાન્ટની સ્થાપના કરીને શાળાને ગ્રીન બિલ્ડીંગ બનવામાં મદદ કરી છે. આ સાથે ધોરણ ૧૧ ની શરુઆત થતાં વિદ્યાર્થીઓ, ખાસ કરીને કન્યાઓ માટે ઘરઆંગણે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવવું વધારે સુલભ બનશે. જામનગરમાં રિલાયન્સ દ્વારા બે દાયકા કરતાં વધુ સમયથી લોકસેવા અને સામુદાયિક વિકાસની પ્રવૃત્તિ ચાલી રહી છે. ગ્રામીણ વિસ્તારોના સામાજિક વિકાસની અસમાનતાઓને દૂર કરવા માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ અને તે માટે જરૂરી માળખાકીય સુવિધાઓ ખૂબ મહત્વની છે. આ બાબતોને નજર સમક્ષ રાખીને ધનરાજ નથવાણીએ જિલ્લા અને રાજ્યના ભાવિની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ, કન્યાકેળવણી, શ્રેષ્ઠ આરોગ્ય સંભાળ અને પોષણની ઉપલબ્ધિ કરવાના સર્વગ્રાહી અભિગમને પ્રાથમિકતા આપી છે.

BOLLYWOOD NEWS FLASH

**૮૬ કરોડમાં બનેલી આ ફિલ્મ માત્ર ૧૬ કરોડનો જ બિઝનેસ કરી શકી હતી, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર આફત સાબિત થઈ હતી**



## રણવીરની બેક ટુ બેક ૩ ફિલ્મો ફ્લોપ, ૫૫૦ કરોડનું નુકસાન

। મુંબઈ, તા.૮ ।

રણવીર સિંહને હવે પોતાનું સ્ટારડમ બચાવવા માટે એક હિટ ફિલ્મની સખત જરૂર છે. આવી સ્થિતિમાં, અભિનેતાની ડૂબતી કારકિર્દી હવે કરણ જોહરના હાથમાં છે. નિર્દેશકની ફિલ્મ રોકી અને રાનીની લવસ્ટોરીમાં રણવીર સિંહ મુખ્ય અભિનેતાના રોલમાં જોવા મળશે. વર્ષ ૨૦૨૦ માં, કોરોના સમયગાળા દરમિયાન, રણવીર સિંહ ફિલ્મ સૂર્યવંશીમાં જોવા મળ્યો હતો, જેમાં તેણે અક્ષય કુમાર, કેટરિના કૈફ, અજય દેવગન સાથે કામ કર્યું હતું. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. આ પછી જાણે કોઈએ રણવીર સિંહના કરિયર પર ધ્યાન ખેંચ્યું હોય. તેની બેક ટુ બેક ૩ ફિલ્મો ફ્લોપ રહી છે. વર્ષ ૨૦૨૧ માં, કબીર ખાન દ્વારા દિગ્દર્શિત સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મ ૮૩ રિલીઝ થઈ હતી. આ એક મલ્ટિસ્ટારર ફિલ્મ હતી, જેમાં રણવીરે ભૂતપૂર્વ ક્રિકેટર કપિલ દેવની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મને ખૂબ જ સારા રિવ્યુ મળ્યા, છતાં પણ આ ફિલ્મ કમાણીના મામલામાં નિષ્ફળ સાબિત થઈ. ૨૬૦ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મ કોઈક રીતે માત્ર ૧૦૦ કરોડ જ કમાઈ શકી. રણવીર સિંહ વર્ષ ૨૦૨૨માં રિલીઝ થયેલી ફિલ્મ જયેશભાઈ જોરદારમાં જોવા મળ્યો હતો. ૮૬ કરોડમાં બનેલી આ ફિલ્મ માત્ર ૧૬ કરોડનો જ બિઝનેસ કરી શકી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર આફત સાબિત થઈ હતી. તેની ફિલ્મ સર્કસ સાથે પણ આવું જ થયું. વર્ષ ૨૦૨૨ ના અંતમાં રિલીઝ થયેલી 'સર્કસ' રોહિત શેટ્ટી દ્વારા નિર્દેશિત કરવામાં આવી હતી.

**ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર દીકરાની તસવીર શેર કરીને તેણે આ વિશેની જાણકારી આપી છે, તેના મિત્રોએ તેના પર અભિનંદનનો વરસાદ કર્યો છે**

## યે જવાની હૈ દિવાની ફેમ એવલિન શર્માએ દીકરાને જન્મ આપ્યો

। મુંબઈ, તા.૮ ।

યે જવાની હૈ દિવાની ફેમ એક્ટ્રેસ એવલિન શર્માનો પરિવાર આખરે પૂરો થયો છે. તે પહેલાથી જ એક દીકરીની મમ્મી હતી અને હવે તેના ઘરે દીકરાનો જન્મ થયો છે. આ વિશેની ખુશ ખબર તેણે સોશિયલ મીડિયા પર ફેન્સ અને ફોલોઅર્સને આપી છે. તેણે દીકરા સાથેની એક તસવીર શેર કરી છે, તેમાં તેનો ચહેરો છુપાવીને રાખ્યો છે. એલવિનની છાતી સાથે વળગીને તે સૂઈ રહ્યો છે. આ સાથે તેણે દીકરાનું નામ પણ જણાવ્યું છે. જણાવી દઈએ કે, એવલિન શર્માએ ૧૫ મે ૨૦૨૧માં તુષાન ભિંડી સાથે પ્રાઈવેટ વેડિંગ કર્યા હતા, તે એક છે. એવલિન શર્માએ તસવીર શેર કરીને લખ્યું છે 'મેં ક્યારેય વિચાર્યું નહોતું કે, જન્મ આપ્યા બાદ હું આ અદભુત અનુભવ કરી શકીશ. હું એટલી ખુશ છું કે છત પર ચડીને સોન્ગ ગાઈ શકું છું. અમારા નાનકડા દીકરા આર્ડનને હાઈ કહો'. એવલિનની ખાસ ફ્રેન્ડ એલિ અવરામે કોમેન્ટ કરતાં લખ્યું છે 'હાઈ આર્ડન', તો રોશેલ રાવે કોમેન્ટ કરી છે.



## સતત ફ્લોપ ફિલ્મોના કારણે જહોનની કારકિર્દી ખતમ થવાના આરે હતી

। મુંબઈ, તા.૮ ।

બોલિવૂડનો પ્રખ્યાત અભિનેતા જહોન અબ્રાહમ છેલ્લા ૨૦ વર્ષથી બોલિવૂડમાં સક્રિય છે અને સતત પોતાની ફિલ્મોથી લોકોનું મનોરંજન કરતા જોવા મળે છે. જહોને વર્ષ ૨૦૦૩માં ફિલ્મ 'જિસ્મ'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી અને તેણે તેની પહેલી જ ફિલ્મથી બોક્સ ઓફિસ પર દબદબો જમાવ્યો હતો. તેની પ્રથમ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ હતી, પરંતુ જ્યારે આપણે તેની કારકિર્દીના ગ્રાફ પર નજર કરીએ છીએ, ત્યારે આપણને ઘણા ઉતાર-ચઢાવ જોવા મળે છે. બોક્સ ઓફિસના આંકડાઓ અનુસાર, જહોન પાસે જેટલી હિટ ફિલ્મો છે તેના કરતા પણ વધુ ફ્લોપ અને ડિઝાસ્ટર ફિલ્મો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તેની સતત ફ્લોપ ફિલ્મો જોઈને લોકોને લાગ્યું કે, કદાચ તેની કારકિર્દી ખતમ થવા જઈ રહી છે, પરંતુ એવું થયું નહીં, અને વર્ષ ૨૦૨૩ તેની કારકિર્દી માટે સૌથી સફળ વર્ષ સાબિત થયું. જોનની ફિલ્મ 'પાગલપંતી' વર્ષ ૨૦૧૯માં આવી હતી, 'મુંબઈ સાગા ૨૦૨૧માં આવી હતી, 'સત્યમેવ જયતે ૨' ૨૦૨૧માં આવી હતી અને તેની ફિલ્મ 'અટેક' ૨૦૨૨માં આવી હતી... આ બધી ફિલ્મો ફ્લોપ સાબિત થઈ હતી. બોક્સ ઓફિસ પર સતત ફ્લોપ બાદ દર્શકોને લાગ્યું કે, તેની કારકિર્દી ખતમ થઈ રહી છે અને ત્યારે જ વર્ષ ૨૦૨૩માં તેની ફિલ્મ 'પઠાણ' રીલિઝ થઈ. ફિલ્મ 'પઠાણ' જહોનની કારકિર્દી માટે લકી ફિલ્મ સાબીત થઈ. આ ફિલ્મમાં જહોનના અભિનયનો લોકોએ વખાણ કર્યો.

**જો તમને યાદ હોય તો શોમાં ઘણા સારા એક્ટર્સ હતા, એક્ટર તરીકેની મારી ટ્રેનિંગ ક્યૂંકિ સાસ ભી કભી બહુ થી'ના સેટ પરથી શરૂ થઈ હતી**

## નેરુરકરે અનુપમાની નિધિ શાહની એક્ટિંગના કર્યા વખાણ

। મુંબઈ, તા.૮ ।

એકતા કપૂર દ્વારા પ્રોડ્યૂસ કરવામાં આવેલી ક્યૂંકિ સાસ ભી કભી બહુ થી પહેલી તેવી સીરિયલ હતી જેણે સાસુ-વહુના હાઈવોલ્ટેજ ડ્રામાને ઈન્ડિયન ટેલિવિઝન પર રજૂ કર્યો હતો. આ સીરિયલને ૨૩ વર્ષ જેટલો સમય થઈ ગયો છે પરંતુ તેના એક-એક પાત્ર આજે પણ દર્શકોને યાદ છે. છેલ્લે અનુપમા સીરિયલમાં રાખી દવેના રોલમાં જોવા મળેલી તસનીમ નેરુરકર પણ આ શોનો ભાગ હતી અને તે મોહિનીના રોલમાં હતા. ટીવી સાથેની એક્સક્લુઝિવ વાતચીતમાં તેણે શોના સમયને યાદ કર્યો હતો અને તે તેના માટે એક્ટિંગ સ્કૂલ સાબિત થઈ હોવાનું કહ્યું હતું. અત્યારસુધીમાં મારા કોઈ રોલને સૌથી વધારે પ્રેમ મળ્યો હોય તો તે મોહિની હતું. ઘણા લોકો મને મેસેજ કરીને કહે છે કે, હું હજી પણ એવી જ લાગું છું. 'ક્યૂંકિ...'ના મારા ટાઈમને મેં ખૂબ એન્જોય કર્યો હતો. એ સમય એવો હતો જ્યારે લોકો તમને તમારા રિયલ નામ નહીં પરંતુ રોલના નામથી યાદ રાખતા હતા. જો તમને યાદ હોય તો શોમાં ઘણા સારા એક્ટર્સ હતા.



## પૂર્વ પતિ રાજીવ સેન પાસે પરત જવા માગે છે ચારુ અસોપા?

### હજી એક મહિના પહેલા જ થયા છે ડિવોર્સ તેનું કહેવું છે કે તેના પર કીચડ ઉછાળવામાં આવી રહ્યો હતો અને પોતાનો પક્ષ રાખવા માટે તેણે આ બધું કર્યું હતું

। મુંબઈ, તા.૮ ।

ચારુ અસોપા અને રાજીવ સેન હંમેશા પોતાની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં રહ્યા છે. લગ્નજીવનની શરૂઆતમાં જ બંને વચ્ચે પડેલી તિરાડ, એકબીજા પર આરોપ-પ્રતિઆરોપ, આ દરમિયાન દીકરીનો જન્મ, એકબીજાને બીજી તક આપવી અને બાદમાં આખરે ડિવોર્સ. બંને કાયકાદીય રીતે છુટ્ટા પડયા તેને એક મહિના જેટલો સમય થઈ ગયો છે. જો કે, દીકરી માટે તેમની વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો યથાવત્ છે. ક્યારેય રાજીવ દીકરીને મળવા દોડી જાય છે તો ક્યારેય બંને સાથે મળીને તેની સાથે હેન્ગાઉટ કરે છે.



હાલમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં 'કૈસા હૈ યે રિશ્તા અંજાના'ની એક્ટ્રેસે પૂર્વ પતિ સાથેના હાલના બોન્ડિંગ અને શું અંગત સમસ્યાને જાહેર કરીને પસ્તાવો થઈ રહ્યો છે કે તેમ વિશે વાત કરી હતી. ચારુ અસોપાએ ઘણીવાર પોતાના વ્લોગમાં રાજીવ સેન સાથેના ઝઘડા વિશે વાતી કરી હતી. આમ કરીને તેને પસ્તાવો થઈ રહ્યો છે કે કેમ તે અંગે પિંકવિલાને જણાવ્યું હતું કે 'મેં અગાઉ જે ઈન્ટરવ્યૂ આપ્યો હતો તેમાં પણ આ વાત કહી હતી. હું આવું ક્યારેય કરવા માગતી નહોતી. પરંતુ મારા પર આરોપો લાગતા રહ્યા હતા. ખોટું બોલવામાં આવી રહ્યું હતું. મારા ચરિત્ર પર શંકા કરવામાં આવી રહી હતી. આવું એકવાર નહોતું થયું. તે સમયે મેં જાહેરમાં બોલવાનું નક્કી કર્યું હતું. હું મારી દીકરી સાથે રહું છું અને જ્યારે લોકો કંઈ મારા વિશે બોલે છે, તે મોટી થઈને બધું વાંચવાની છે. આ પણ એક કારણ હતું કે મારે બોલવું પડ્યું. ડિવોર્સના થોડા જ દિવસ બાદ આપેલા ઈન્ટરવ્યૂમાં રાજીવ સેને ચારુ અસોપા સાથેના સંબંધો સુધરી જશે અને બંને ફરી એક થઈ જશે તેવી આશા વ્યક્ત કરી હતી. ત્યારે તેના પર રિએક્ટ કરતાં તેણે કહ્યું હતું કે 'હું શું કહું તે સમજાતું નથી. હું આ વિશે હાલ કંઈ ન કહી શકું કારણ કે આમ કહેવું વહેલું થશે. તે આ બધું કેમ કહી રહ્યો છે તે મને ખબર નથી. અમારા ડિવોર્સ હજી ૮ જૂને થયા છે. મને લાગે છે કે તેણે લાગણીઓમાં વહીને આ બધું કહ્યું હશે'.






બનાસકાંઠા જીલ્લા ડીસામાં આખોલ ચાર રસ્તેગટરો જામ થતાં અસંખ્ય દુકાનોમાં પાણી ઘુસતા અંદાજિત કરોડોનુ નુકશાન. ત્રણ હનુમાન મંદિર પાસે ગટરનુ નાળુ ખુલ્લુ હોવાથી જીવનુ જોખમ...

### અભ્યાસમાં જોવા મળેલું આ મોટે ભાગે પરિણામ સંરક્ષણ વ્યૂહરચના અને વન્યજીવ સંરક્ષણ માટે ઉપયોગી

# મનુષ્યોની જેમ હાથીઓને પણ ખોરાકમાં વિવિધતાની જરૂર છે

। નવી દિલ્હી, તા.૮ ।

પ્રાણીઓનો આહાર નિશ્ચિત હોય છે અને તેમનામાં આવા ફેરફારો જોવા મળતા નથી કે, તેમના ખોરાકમાં વિવિધતા જોવા મળતી નથી. પરંતુ માણસ એકમાત્ર એવું પ્રાણી છે કે, જેના ખોરાકમાં વિવિધતા હોય છે અને તેને તેના ખોરાકમાં એકવિધતા ગમતી નથી. પરંતુ આ કિસ્સામાં, જ્યારે હાથીઓની વાત આવે છે, તો આપણે જાણીએ છીએ કે, તેઓ છોડ ખાય છે, પરંતુ જો તેઓ છોડમાં શું ખાય છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવે તો વાર્તા અન્ય પ્રાણીઓની તુલનામાં થોડી રસપ્રદ અને તદ્દન અલગ બની જાય છે. એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, હાથીઓને પણ માણસોની જેમ તેમના આહારમાં વિવિધતા પસંદ છે. સંરક્ષણ જીવવિજ્ઞાનીઓ સહિતની વૈશ્વિક ટીમના અભ્યાસમાં, બ્રાઉને કેટલીક નવીન પદ્ધતિઓનો ઉપયોગ કર્યો અને કેન્યામાં હાથીઓના બે જૂથોની આહારની આદતોનું ચોક્કસ અને અસરકારક રીતે વિશ્લેષણ કર્યું. આનાથી તેઓ શોધી શક્યા કે કયા જૂથો કયા પ્રકારના છોડને પસંદ કરે છે. આ સાથે, તેઓ હાથીઓના જૂથોની ખાવાની આદતો વિશે કેટલીક મહત્વપૂર્ણ માહિતી મેળવવામાં સક્ષમ હતા, જે જીવવિજ્ઞાનીઓને તેમના સંરક્ષણના માર્ગો શોધવામાં મદદ કરી શકે છે. આ અભ્યાસ તાજેતરમાં રોયલ સોસાયટી ઓપન સાયન્સમાં પ્રકાશિત થયો છે. અભ્યાસના લેખક ટેલર કાર્ટઝીનલ કહે છે કે, સંરક્ષણવાદીઓએ ધ્યાનમાં રાખવું જોઈએ કે, જ્યારે પ્રાણીઓને તેમની જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતો ખોરાક મળતો નથી, ત્યારે તેઓ હજુ પણ અમુક રીતે ટકી રહે છે, પરંતુ વિકાસ કરી શકતા નથી. કાર્ટઝીનલ બ્રાઉન ખાતે પર્યાવરણીય અભ્યાસ અને ઈકોલોજી, ઈવોલ્યુશન અને ઓર્ગેનિઝમલ બાયોલોજીના સહાયક પ્રોફેસર છે. તેમણે કહ્યું કે, દરેકના આહારને સારી રીતે સમજીને આપણે હાથી, ગેંડા, ભેંસ જેવી પ્રજાતિઓનું વધુ સારી રીતે સંરક્ષણ કરી શકીએ છીએ અને તેમની વસ્તી વૃદ્ધિ સુનિશ્ચિત કરી શકીએ છીએ. તેમના અભ્યાસ માટે વૈજ્ઞાનિકોએ જૈવિક નમૂનાઓની રચનાને ઓળખવા માટે ડીએનએ મેટાબારકોડિંગ નામની આનુવંશિક તકનીકનો ઉપયોગ કર્યો. આ કરવા માટે, તેઓએ હાથીના ખોરાકનું પ્રતિનિધિત્વ કરતા ડીએનએ ટુકડાઓની તુલના છોડના ડીએનએ બારકોડ્સની લાઈબ્રેરી સાથે કરી. સંશોધકોએ આ ટેક્નોલોજી માટે એપ્લિકેશન્સ વિકસાવી અને મોલેક્યુલર બાયોલોજી અને કોમ્પ્યુટર સાયન્સમાં સંશોધકોને એકસાથે લાવ્યા જેથી સંરક્ષણવાદીઓને સમસ્યાનો ઉકેલ શોધવામાં મદદ મળી શકે. આ પ્રથમ વખત છે કે ઢ્ઢછ મેટાબારકોડિંગનો ઉપયોગ પ્રાણીઓના સામાજિક જૂથના પ્રશ્નોના જવાબ આપવા માટે કરવામાં આવ્યો છે, જેમ કે તેઓ કેવી રીતે નક્કી કરે છે કે કુટુંબમાં શું ખાવું અથવા શું ખાવું. હાથીઓનું નજીકથી નિરીક્ષણ કરવું ખૂબ મુશ્કેલ છે. તેમને આ રીતે જોઈને, તેમના ખોરાક વિશે માહિતી એકત્રિત કરવી લગભગ અશક્ય છે. અગાઉના અભ્યાસમાં એવું જાણવા મળ્યું હતું કે, હાથીઓ વરસાદના દિવસોમાં લીલું તાજું ઘાસ અને સૂકા ઉનાળાના દિવસોમાં ઝાડના ભાગો ખાય છે. પરંતુ આ અભ્યાસમાં સંશોધકોને વધુ વિવિધતા જોવા મળી. હાથીના છાણના ડીએનએનું પૃથ્થકરણ કર્યા બાદ અને તેને છોડની ડીએનએ લાઈબ્રેરી સાથે સરખાવ્યા બાદ જાણવા મળ્યું કે હાથીઓ સમૂહમાં સાથે રહેતા હોય ત્યારે પણ તે જ ખોરાક ખાતા નથી.

# નડિયાદમાં બંધ મકાનમાં રૂપિયા ૧૩.૪૦ લાખની રોકડ ચોરી કરી તસ્કારો ફરાર

। મનીષ પ્રજાપતિ આણંદ, તા.૮ ।

માહિતી મુજબ નડિયાદ ના પ્રદીપભાઈ ભગવાન ભાઈ મોટવાની ના માતા પિતા જવાહર નગર પાસે ના દીપ બાગલો માં રહે છે તેમના મોટા ભાઈ દીપકભાઈ ને મંજીપુરા મકાન હતું તે વેચી ને ૧૧લાખ્ ની રકમ પિતાના ગરે મુકવા આપેલ અને પિતાએ આ પૈસા પોતાના લોકર માં મુકેલ અને આ પૈસા લેવા માટે બહેન યુ, એસ , એ થી આવેલ ત્યાર બાદ આ તમામ પરિવાર ભેગા અમૃતસર દર્શન કરવા માટે નીકળેલ અને આ પરિવાર ૬તારિખ ના પરત આવેલ અને પિતા ના ગર ખોલી જોયું તો ગર માં તમામ સમાન વેર વિખેર હતો કબાટ ખુલ્લા હતા તમામ તેમજ લોકર તોડેલું હતું,જેથી પ્રદીપભાઈ ને પાક્કો વિશ્વાસ થયો ક ગર માં ચોરી થઈ છે માટે તેમને ગર માં બધું ચેક કરતા ખબર પડી કે ચોર ગર ની કાચ ની બારી તોડી અંદર આવી ગેસ કટાર થી લોલાર તોડી ૧૧.લાખ રોકડા,તેમાંજ ૩૦૦૦ ડોલર્ જેની કિંમત ૨.૩૦ લાખ હતી ફૂલ મળી ગરમાં થી ૧૩.૪૦ લાખ ની રોકડ ચોરી કરી ચોર ફરાર થયેલ છે,બાદ માં નડિયાદ પોલીસ સ્ટેશન માં ફરિયાદ આપતા આગળ ની કાર્યવાહી હાથ ધારેલ છે...

# બનાસકાંઠા જીલ્લા ડીસામાં ફક્ત દોઢ ઇંચ વરસાદમાંજ તંત્રની પોલ છતી થઈ

। મહંમદ રફીક શેખ (રાજુ) ડીસા, તા.૮ ।

બનાસકાંઠા જીલ્લાની આર્થીક નગરી ડીસામાં પ્રિ - મોન્સુન પ્લાનિંગની કરેલી જોરસોરથી ઝાહેરાતોના દાવા પોકળ સાબીત થયા હોય તેવા દ્રશ્યો નઝર સમક્ષ આવી રહ્યા છે. અને તંત્ર કામગીરીમાં નિષ્ફળ નિવડી રહ્યુ હોય તેમ લાગી રહ્યું છે. કારણ કે દર વર્ષે ચોમાસા પૂર્વે તંત્ર દ્વારા પાણીના નિકાલ માટે બનાવવામાં આવેલી ગટર લાઈનોની સાફ સફાઈ કરાવવાની હોય છે. જેના માટે દર વર્ષે પ્રિ - મોન્સૂન પ્લાનિંગનું આયોજન થતું હોય છે, પરંતુ ડીસામાં આંખોલ ચાર રસ્તા પાસે આવેલી નેશનલ હાઈવે ઓથોરિટીની ગટરો સાફ ન થતા ચોમાસાના પાણીના નિકાલની કોઈ જ વ્યવસ્થા નહોવાથી સામાન્ય વરસાદ માંજ આખોલ ચાર રસ્તા પાસે વરસાદી પાણી ગટર લાઈન મારફતે નિકાલ થવાને બદલે દુકાનોમાં ઘૂસી જતા અંદાજે ૬૦ થી પણ વધુ દુકાનમાં વરસાદી પાણી ઘુસી જતા દુકાનદારોને માથે હાથ દઈ રોવાનો વારો આવ્યો છે. દુકાનદારોના જણાવ્યા અનુસાર જ્યારે પણ પાણી ભરાય છે તેને ઓસરવામાં અઠવાડીયા થી પણ વધુ સમય લાગે છે. જ્યારે હાલ દુકાનદારોને કરોડો રૂપિયાનુ નુકશાન ભોગવવાનો વારો આવ્યો છે. ડીસા ત્રણ હનુમાન મંદિર પાસે પિતૃકૃપા શોપિંગ ની આગળ છેલ્લા દોઢ વર્ષ કર્તાય વધુ સમયથી ગટર નું નાળુ ખુલ્લુ પડ્યુ છે, વારંવાર લેખિત ,મૌખોક રજૂઆતો લોકો અને નગરપાલિકા સદસ્યો દ્વારા કરાવામાં આવેલ છે, તેમ છતાં તંત્ર દ્વારા કોઈપણ કામગીરી કરવામાં આવેલ નથી. જ્યારે સામાન્ય વરસાદ પડતા રોડ ઉપર ખુબજ પાણી ભરાતા સ્થાનિક લોકોએ આમ આદમી પાર્ટી ના નગર પાલિકા સદસ્ય વિજય દવે ને ચાલુ વરસાદે બોલાવી આ સમસ્યા માટે ચિંતા વ્યક્ત કરી હતી.

# આણંદ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૭૪ મી.મી., અત્યાર સુધી કુલ-૨૨૪૧ મી.મી. વરસાદ નોંધાયો

। મનીષ પ્રજાપતિ આણંદ, તા.૮ ।

આણંદ, શનિવાર :: આણંદ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સમગ્ર આણંદ જિલ્લામાં તમામ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જેમાં કુલ વરસાદ ૧૭૪ મિલીમીટર નોંધાયો છે.

તારાપુર તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૦૬ મીલીમીટર, સોજીત્રા તાલુકામાં ૧૮ મીલીમીટર, ઉમરેઠ તાલુકામાં ૦૨ મિલીમીટર, આણંદ તાલુકામાં ૫૭ મી.મી., પેટલાદ તાલુકામાં ૩૫ મિલીમીટર, ખંભાત તાલુકામાં ૧૨ મીલીમીટર, બોરસદ તાલુકામાં ૧૩ મીલીમીટર અને આંકલાવ તાલુકામાં ૩૧ મી.મી. વરસાદ નોંધાયો છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સૌથી વધુ વરસાદ આણંદ તાલુકામાં ૪૪૭ મી.મી.નોંધાયો છે જ્યારે સૌથી ઓછો વરસાદ આંકલાવ તાલુકામાં ૧૮૬ મી.મી. નોંધાયો છે.

અન્ય તાલુકાઓની વાત કરીએ તો તારાપુર તાલુકામાં ૨૬૦ મી.મી., સોજીત્રા તાલુકામાં ૨૯૨ મી.મી., ઉમરેઠ તાલુકામાં ૨૩૨ મી.મી., પેટલાદ તાલુકામાં ૩૨૫ મી.મી., ખંભાત તાલુકામાં ૨૭૦ મી.મી. અને બોરસદ તાલુકામાં ૨૨૯ મી.મી. મળી જિલ્લામાં કુલ ૨૨૪૧ મી.મી. વરસાદ નોંધાયો હોવાનું જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલરૂમ દ્વારા જણાવાયું છે.

# શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનનો ૫૮ મો જન્મદિન : દેશભરમાં ૫૮ જગ્યાએ બ્લડ ડોનેશન કેમ્પ

। હુસામુદ્દીન કપાસી જસદણ, તા.૦૮ ।

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે છેલ્લા ઘણા વર્ષોથી મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે ૧૧ જુલાઈના રોજ શ્રી નરેશભાઈ પટેલના ૫૮મા જન્મદિવસે દેશભરના ૫૮થી વધુ સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સદ્જ્યોતિ ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટ અને અન્ય સહયોગી સંસ્થાઓના સાથ-સહકારથી રાજકોટ શહેર અને જિલ્લા સહિત રાજ્ય અને દેશના કુલ ૫૮થી વધુ સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું છે. રાજકોટ શહેર અને જિલ્લા ઉપરાંત, અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી સહિતના જિલ્લામાં તો પ્રથમ વખત રાજ્ય બહાર મધ્યપ્રદેશના ઝરખેડામાં અને ચેન્નાઈમાં પણ મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે.

રાજકોટ શહેર અને જિલ્લામાં કુલ ૯ જગ્યાએ મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે. જેમાં (૧) સવારે ૮ થી ૧૨ સુધી શ્રી સરદાર પટેલ ભવન, રાજકોટ (૨) સવારે ૭ થી ૧૨ સુધી પટેલવાડી, બેડીપરા, રાજકોટ (૩) સવારે ૮ થી ૧ વાગ્યા સુધી પટેલવાડી, જેલ ચોક, ગોંડલ (૪) સવારે ૮ થી ૧૨ સુધી શ્રી ગુરુદત્ત મંદિર, કોટડા સાંગાણી (૫) સવારે ૯ થી ૧ સુધી પાટીદાર શૈક્ષણિક ભવન, જસદણ (૬) સવારે ૮ થી ૧૨ સુધી લેઉવા પટેલ સાંસ્કળતિક ભવન, ધોરાજી (૭) સવારે ૯ થી ૧ સુધી ડેકોરા ભવન, મેટોડા (૮) સવારે ૯ થી ૧ સુધી કન્યા છાત્રાલય, ખામટા (૯) સવારે ૮ થી ૧૨ સુધી કોટડીયાવાડી, જેતપુર ખાતે આયોજન કરાયું છે. શ્રી નરેશભાઈ પટેલના ૫૮મા જન્મદિવસ નિમિત્તે વિવિધ જગ્યાએ વુક્ષારોપણનું પણ આયોજન કરાયું છે. સાથે જ વુદ્ધાશ્રમમાં ભોજન, દર્દીઓને ફ્રુટ વિતરણ સહિતના સેવાકાર્યો થશે એમ જસદણના સામાજિક યુવા કાર્યકર હરિભાઈ હીરપરાની એક યાદીમાં જણાવાયું છે.

### રાજ્યમાં મેઘરાજાની જમાવટ

# ૨૪ કલાકમાં રાજ્યના ૧૮૮ તાલુકામાં વરસાદ વરસ્યો છે

। અમદાવાદ, તા.૮ ।

કચ્છ જિલ્લામાં પણ મેઘમહેર યથાવત છે. ભુજમાં વધુ દોઢ ઈંચ વરસાદ વરસ્યો, અહીં નખત્રાણામાં એક ઈંચ વરસાદ પડ્યો.આજે સવારના ૬ વાગ્યાથી જિલ્લાના ૬ તાલુકામાં વરસાદ નોંધાયા છે.કચ્છના વરસેલા વરસાદના કારણે કારણે ભુજના મોટા બંધ માં ધોધમાર પાણીની આવક થઈ છે. જ્યારે જ્યારે ભુજના મોટા બંધમાં પાણી આવે છે ત્યારે ભુજની જનતામાં ઉત્સવ જેવો માહોલ હોય છે. લોકો આ બંધ પર ફરવા ઉમટે છે. જામનગરમાં ભારે વરસાદ આફતરૂપ બન્યો છે. અહી અનેક વિસ્તારના પાણી ભરાતા જનજીવન પ્રભાવિત થયું છે. રામેશ્વરનગર તેમજ પટેલ વાડી સહિતના વિસ્તારોમાં તો લોકોના ઘરમાં પાણી ભરાતા ઘરવખરીને નુકસાન થયું છે. વલસાડમાં ચોમાસાની એન્ટ્રી સાથે સારો વરસાદ પડી રહ્યો છે અત્યાર સુધીમાં ૩૦ ઈંચ વરસા વરસી ચૂક્યો છે. તિથલ રોડ, કચેરી રોડ, ટાવર વિસ્તાર, હાલર રોડ અને છીપવાડના આસપાસના વિસ્તારમાં વરસાદ વરસતા અનેક વિસ્તારમાં પાણી ભરાયા હતા. વરસાદથી બનાસકાંઠામાં પાલનપુર-આબુ રોડ પર પાણી ભરાતા વાહનચાલકોને ડાયવર્જન આપવું પડ્યું છે.. અમદાવાદથી આબુરોડ તરફ જતા વાહનોને એરોમા સર્કલથી ચંડીસર, ડાંગીયા, વાઘરોલ, ચિત્રાસણી સુધીનું ડાયવર્જન અપાયું છે. ભારે વરસાદના કારણે પાલનપુર હાઈવે પર પાણી ભરાયા છે ધીમીધારે વરસાદ વરસ્યો. અરલ્લીમાં પણ મેઘમહેર યથાવતા છે. વરસાદના કારણે નદી-નાળામાં પાણીની ભારે આવક થતાં અરલ્લીમાં બાયડમાં ડાભા ગામ પાસે વાત્રક નદીનો ઝાંઝરી ધોધ જીવંત થયો. જિલ્લામાં અત્યાર સુધીનો ૮ ઈંચથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે. આગાહી મુજબ ૧૨ જુલાઈ સુધીમાં ભારે વરસાદનો અનુમાન છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ૧૦થી ૧૫ ઈંચ જેટલો વરસાદ વરસી શકે છે. નવા નીરથી નદીઓ તોફાની બનશે.. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદનો અનુમાન અંબાલાલે વ્યક્ત કર્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૨ દિવસ હજુ પણ સમગ્ર ગુજરાતમાં વરસાદી માહોલ રહેશે. ગુજરાતમાં ૨૪ કલાકમાં રાજ્યના ૧૮૮ તાલુકામાં વરસાદ વરસ્યો છે. આગામી ત્રણ કલાક હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ગાજવીજ સાથે વરસાદ વરસવાની હવામાન વિભાગે આગાહી કરી છે. કચ્છ, જામનગર, દ્વારકા, જૂનાગઢમાં સામાન્યથી ભારે વરસાદનો અનુમાન છે. હવામાન વિભાગે ગીર સોમનાથ, અમરેલીમાં પણ વરસાદની આગાહી કરી છે. વરસાદને લઈને જૂનાગઢ, ગીર સોમનાથમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. ૧૧ જિલ્લામાં વરસાદનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. નોકરીપેશા લોકો ને આજે ધનની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. તમારી મોંઘેરી ભેટ-સોગાદો પણ ખુશીભરી ક્ષણો પાછી નહીં લાવી શકે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. મનોરંજન અથવા કૉસ્મેટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો. પ્રેમ જીવનમાં સારો વળાંક આવશે કેમ કે તમે સારો સંબંધ વિકસાવશો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? સ્કૂલ પ્રૉજેક્ટ પૂરો કરવા બાળકો તમારી મદદ માગી શકે છે. તમારી માટે પ્રેમ પવનમાં છે. તમારે માત્ર તમારી આસપાસ જોવાની જરૂર છે, બધું જ ગુલાબી દેખાશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. તમને આજે ઘર ની એક જૂની વસ્તુ પડેલી જોવા મળે છે, જે તમને તમારા બાળપણ ના દિવસો ની યાદ અપાવે છે અને તમે તમારો દિવસ ઘણી ઉદાસી સાથે એકલા પસાર કરી શકો છો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લ્ડ પ્રૅશરના દરદીઓ. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે. આજે તમે જો થોડો પ્રેમ વહેંચશો તો, તમારૂં પ્રિયપાત્ર તમારી માટે દેવદૂત બની જશે. તમે તમારા પ્રેમી ને સમય આપવા પ્રયત્ન કરશો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. આનંદ આપીને તથા ભૂતકાળની ભૂલોને માફ કરીને તમે તમારા જીવનને લાયક બનાવશો. વિદ્યાર્થીઓ ને સલાહ આપવા માં આવે છે કે મિત્રતા ના મામલે આ કિંમતી ક્ષણો બગાડે નહીં.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે. કામના સ્થળે આજે પરિસ્થિતિ તમારી તરફેણમાં જણાય છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે એ સંદેશ તમારે તમારા પ્રિયપાત્રને જરૂર પહોંચાડવો જોઈએ. જીવન તમને સારું લાગે છે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. પ્રેમ અમર્યાદિત છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે. તમારા અને તમારા જીવનસાથી વચ્ચે ચોક્કસ જ વિશ્વાસનો અભાવ સર્જાશે. તેને કારણે લગ્નજીવનમાં તાણ સર્જાશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો.



કેન્યાના નાયરોબી ખાતે દંગા ભળકી ઉઠ્યા હતા જેમાં એક યુવક ગેસ ગ્રેનેડને કિક મારતો નજરે પડ્યો હતો..

# ચોરી કરી ફરાર આરોપીઓને સુરત પોલીસે યુપીથી ઝડપ્યા

## પોલીસે આરોપીઓ પાસેથી રુપિયા ૨૨ લાખ પણ કબજે કર્યા છે, સાથે જ કેટલાંક દાગીના પણ કબજે કર્યા છે

। કાનપુર, તા.૮ ।

ગુજરાતના સુરતમાંથી એક બિઝનેસમેનના ઘરેથી સોનાના દાગીના અને લાખો રુપિયાની કેશની ચોરી થઈ હતી. આ ચોરો ચોરી કર્યા બાદ યુપી ફરાર થઈ ગયા હતા. આ ગેંગના ચાર સાગરિતોને પોલીસે ઝડપી પાડ્યા છે. સુરત પોલીસની ટીમે યુપી પોલીસ સાથે મળીને આ કેસને ઉકેલી કાઢ્યો હતો. પોલીસે આરોપીઓ પાસેથી રુપિયા ૨૨ લાખ પણ કબજે કર્યા છે. સાથે જ કેટલાંક દાગીના પણ કબજે કર્યા છે. જે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી તેમાં મૂસાનગર નગર પંચાયતોન એક સભ્ય પણ સામેલ છે. જ્યારે બે આરોપીઓએ જૌનપુર જિલ્લાના રહેવાસી છે. પોલીસે આ મામલે હવે આગળની કાર્યવાહી હાથ ધરી છે. સુરત પોલીસે આરોપીઓને અહીં લાવવા માટે તજવીજ કરી છે. ગુજરાતના સુરત શહેરમાં રહેતા કાર્તિકભાઈ વાનાવાલાના ઘરે ૩૦ જૂનના રોજ રાત્રે ચોરી થઈ હતી. પોલીસ સૂત્રોનું કહેવું છે કે, લગભગ એક કિલો સોનાના દાગીના ચોરી થઈ હતી. એ પછી આ વેપારીએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે બાદ સુરતની સ્પેશિયલ પોલીસ ટીમને આ કેસ સોંપવામાં આવ્યો હતો. પોલીસે તપાસ હાથ ધરી તો તેમને કેટલાંક પુરાવા મળ્યા હતા. જેના તાર છેક યુપી સુધી પહોંચ્યા હતા. એ પછી પોલીસની ટીમે યુપીમાં ધામા નાખ્યા હતા. બાદમાં પોલીસે સ્થાનિક પોલીસ સાથે મળીને સજ્જન અને વીનુને ઝડપી પાડ્યા હતા. આ પહેલાં પોલીસે જૌનપુરના શાહપુર ગામાં રહેતા વિમલ અને બંટીને ઝડપી પાડ્યા હતા. વિમલ ખૂબ જ ચાલાક છે અને તેણે આ ચોરીને અંજામ આપ્યો હતો. એ પછી તે તેના સાગરિતો સાથે મળીને મૂસાનગર ખાતે આવ્યો અને દાગીના વેચીને મોજ કરી રહ્યો હતો. પોલીસે આરોપીઓ પાસેથી રુપિયા ૨૨ લાખ, સોનાની ચેઈન, વીંટી સહિતના દાગીના કબજે કર્યા છે. તેઓના મોબાઈલ પણ પોલીસે કબજે કર્યા છે. પોલીસે જ્યારે આ ચોરી થઈ એ પછી તેઓએ સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. આ દરમિયાન એક આરોપીના ગરદન પર પોલીસને ટેટુ જોવા મળ્યું હતું. આ પહેલાં પણ એક ચોરીના કેસમાં સામેલ ચોરના ગરદન પર ટેટુ જોવા મળ્યું હતું. એ પછી પોલીસે તપાસ શરુ કરી. પછી તપાસમાં ખુલાસો થયો કે આરોપી યુપી ભાગી ગયો હતો. બાદમાં પોલીસે આખો પ્લાન બનાવ્યો અને ટીમ યુપી પહોંચી હતી. બાદમાં આરોપીઓને ઝડપી પાડ્યા હતા. આ કેસમાં એક પંચાયતના સભ્યની ધરપકડ થતા સમગ્ર વિસ્તારમાં હોબાળો મચી ગયો છે. લોકોનું કહેવું છે કે, આ શખસને ઈમાનદાર સમજીને વોટ આપ્યો હતો. પરંતુ તે તો ચોર નીકળ્યો. આ ચોર ગેંગ સાથે મળીને તેમના આ ગંદા કામમાં જોડાઈ ગયો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, વીનુ ચાર વર્ષ પહેલાં સુરતમાં કામ કરવા માટે આવ્યો હતો. ત્યાં તેની મુલાકાત વિમલ સાથે થઈ હતી. વીનુએ જણાવ્યું હતું કે, મૂસાનગરમાં સોના ચાંદીના દાગીનાનો મોટો વેપાર છે.

### બાલાસોર ટ્રેન અકસ્માતના કેસમાં ધરપકડ

# સીબીઆઈએ રેલવેના ત્રણ કર્મચારીઓની ધરપકડ કરી

## બાલાસોર ટ્રેન અકસ્માતમાં ૨૯૨ લોકોના મોત થયા હતા અને એક હજારથી વધુ લોકો ઘાયલ થયા હતા

। ભુવનેશ્વર, તા.૮ ।

બાલાસોર ટ્રેન અકસ્માતની તપાસ કરી રહેલી સીબીઆઈએ રેલવેના ત્રણ કર્મચારીઓની ધરપકડ કરી છે. સીબીઆઈએ સીનિયર સેક્શન એન્જિનિયર અરુણ કુમાર મોહંતા, સેક્શન એન્જિનિયર મોહમ્મદ અમીર ખાન અને ટેકનિશિયન પપ્પુ કુમારની આઈપીસીની કલમ ૩૦૪ અને ૨૦૧ અંતર્ગત ધરપકડ કરી છે. ગત ૨ જૂને થયેલા બાલાસોર ટ્રેન અકસ્માતમાં ૨૯૨ લોકોના મોત થયા હતા, જ્યારે એક હજારથી વધુ લોકો ઘાયલ થયા હતા. આઈપીસીની કલમ ૨૦૧ અંતર્ગત પુરાવાનો નાશ કરવાના, જ્યારે ૩૦૪ અંતર્ગત બિન ઈરાદાપૂર્વક હત્યાનો કેસ નોંધવામાં આવે છે. બિન ઈરાદાપૂર્વક હત્યાની સજામાં ગુનાની ગંભીરતાને જોતા આજીવન કેદ અને દંડ કે આકરી જેલ સામેલ છે. ગત દિવસોમાં રેલવે સુરક્ષા કમિશનરે રેલવે વહીવટીને ૫ોતાનો રિપોર્ટ સોંપ્યો હતો. તેમાં ભારતીય રેલવેના સિગ્નલિંગ અને ટેલિકોમ વિભાગમાં ઘણા સ્તરો પર ખામીઓને જવાબદાર ઠેરવવામાં આવી હતી. રિપોર્ટમાં કહેવાયું હતું કે, નોર્થ સિગ્નલ ગુમટી પર કરાયેલા સિગ્નલિંગ-સર્કિટ-અલ્ટરેશનમાં



ઘણી ખામીઓ અને સ્ટેશના ગેટ નંબર ૯૪ પર લેવલ ક્રોસિંગ માટે ઈલેક્ટ્રિક લિફ્ટિંગ બેરિયરના રિપ્લેસમેન્ટ સંબંધિત સિગ્નલિંગ કામના કારણે અકસ્માત થયો હતો. ઉલ્લેખનીય છે કે, બાલાસોરમાં જે બહાનગા બજાર રેલવે સ્ટેશન પર આ અકસ્માત થયો હતો, ત્યાંથી લગભગ ૧૭૦ ટ્રેનો દરરોજ ૫સાર થાય છે. અકસ્માત પછી આ રેલવે સ્ટેશનને સીલ કરી દેવાયું છે. આ અકસ્માત બાદ રેલવેના સાઉથ ઈસ્ટર્ન ઝોનના ઘણા અધિકારીઓ સામે અત્યાર સુધીમાં કાર્યવાહી કરવામાં આવી ચૂકી છે. જેમકે, ઈસ્ટર્ન ઝોનના જનરલ મેનેજર અર્ચના જોશીની ટ્રાન્સફર કરી દેવાઈ છે. આ ૫હેલા રેલવે બોર્ડના આસિસ્ટન્ટ જનરલ મેનેજર અને ડિવિઝનલ રેલવે મેનેજર સહિત ઝોનના પાંચ અધિકારીઓની ટ્રાન્સફર કરી દેવાઈ હતી. બાલાસોરમાં બહાનગા બજાર સ્ટેશન પાસે ૨ જૂને ટ્રિપલ ટ્રેન અકસ્માત થયો હતો. અહીં ચેન્નઈથી હાવડા જતી કોરોમંડલ એક્સપ્રેસ લૂપ લાઈનમાં ઊભેલી માલગાડી સાથે ટકરાઈ ગઈ હતી અને તેના કોચ પાટા પરથી ઉતરી ગયા હતા. આ કોચ પાસેની લાઈનમાં ઊભેલી યશવંતપુર હાવડા એક્સપ્રેસ સાથે ટકરાયા હતા. બાલાસોરમાં બહાનગા બજાર સ્ટેશન પાસે ૨ જૂને ટ્રિપલ ટ્રેન અકસ્માત થયો હતો. અહીં ચેન્નઈથી હાવડા જતી કોરોમંડલ એક્સપ્રેસ લૂપ લાઈનમાં ઊભેલી માલગાડી સાથે ટકરાઈ ગઈ હતી અને તેના કોચ પાટા ૫રથી ઉતરી ગયા હતા.

# અજિત પવારે મુંબઈ-પૂણેના એનસીપી પ્રમુખને બદલ્યા

## અજિત પવાર જૂથે નરેન્દ્ર રાણેને મુંબઈના અને દીપક મનકરને પણ પૂણેના અધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપી

। મુંબઈ, તા.૮ ।

મહારાષ્ટ્રમાં કાકા-ભત્રીજા વચ્ચે જૂથ પડી ગયા બાદ એનસીપીની હાલત પણ શિવસેના જેવી થઈ ચૂકી છે. તાજેતરમાં રાજકારણમાં ગરમાવા વચ્ચે હવે એવા પણ અહેવાલ આવ્યા છે કે અજિત પવારના જૂથે મુંબઈ-પૂણેના એનસીપીપ્રમુખને બદલી નાખ્યા છે. માહિતી અનુસાર અજિત પવારે મુંબઈ અને પૂણે માટે એનસીપીઅધ્યક્ષની નિમણૂક કરી દીધી છે. આ પહેલા તેઓ એનસીપીના ચૂંટણી ચિહ્ન પર દાવો કરી ચૂક્યા છે. પાર્ટીના એક નેતાએ જણાવ્યું કે અજિત પવાર જૂથે નરેન્દ્ર રાણેને મુંબઈ એનસીપીના અધ્યક્ષ જાહેર કરી દીધા છે. તેની સાથે જ તેમણે દીપક મનકરને પણ પૂણેના અધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપી છે. જ્યારે પ્રશાંત જગતાપ પહેલાંથી જ એનસીપી પૂણેના અધ્યક્ષ છે. તેમ છતાં અજિત જૂથે નવા પદાધિકારીની નિમણૂક કરી હતી. આ પહેલા મુંબઈમાં મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સીએમ એકનાથ શિંદેના નિવાસે બેઠક યોજી હતી.

### ખરાબ હવામાનની અમરનાથ યાત્રા પર અસર

# અમરનાથ યાત્રા અટકાવાઈ, ૮૪ હજારથી વધુએ દર્શન કર્યા

। જમ્મુ, તા.૮ ।

જમ્મુ અને કાશ્મીરમાં ખરાબ હવામાનને કારણે અમરનાથ યાત્રાને આગામી આદેશ સુધી રોકી દેવામાં આવી છે. બેઝ કેમ્પ બાલતાલ અને પહેલગામ બંને રૂટ પર મુસાફરોને આગળ જતા અટકાવવામાં આવ્યા છે. યાત્રાના પ્રારંભથી અત્યાર સુધીમાં કુલ ૮૪ હજારથી વધુ ભક્તોએ દર્શનનો લાભ લીધો છે. અમરનાથ યાત્રા માટે દેશ-વિદેશથી હજારો શ્રદ્ધાળુઓ જમ્મુ કાશ્મીર ૫હોંચ્યા છે ત્યારે અમરનાથ યાત્રાનો વધુ એક સમૂહ બાબા બર્ફાનીના દર્શન કરવા માટે રવાના થયો હતો જો કે આ સમૂહને ખરાબ હવામાનને પગલે વચ્ચે જ રોકી દેવામાં આવ્યો હતો.

### મણિપુરના ફૌગાકચાઓ ઈખાઈ ગામમાં પાસેની ઘટના

# મણિપુરમાં બે સશસ્ત્ર બળવાખોર જૂથો વચ્ચે ગોળીબારમાં એકનું મોત

## અર્ધલશ્કરી દળ અને મણિપુર સશસ્ત્ર પોલીસના જવાનો ઘટના સ્થળે પહોંચ્યા ગામમાં સંપૂર્ણ બંદોબસ્ત ગોઠવાયો

। ઈમ્ફાલ, તા.૮ ।

હિંસાગ્રસ્ત મણિપુરમાં ૨ સશસ્ત્ર બળવાખોર જૂથો વચ્ચે થયેલા ગોળીબારમાં એકનું મોત થયું છે. આ ઘટના વિષ્ણુપુર અને ચુરાચાંદપુર જિલ્લા પાસે આવેલ ફૌગાકચાઓ ઈખાઈ ગામમાં પાસે બની છે. અર્ધલશ્કરી દળ અને મણિપુર સશસ્ત્ર પોલીસના જવાનો ઘટના સ્થળે પહોંચી ગયા છે અને આ ગામમાં સંપૂર્ણ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.


મળતા અહેવાલો મુજબ ગઈકાલે રાત્રે લગભગ ૧.૪૦ કલાકે વિષ્ણુપુર અને ચુરાચાંદપુર જિલ્લાના ઝેન વિસ્તાર ફુઈસાનફાઈ અને ફોલજાંગ ગામમાં શંકાસ્પદ મેતેઈ બળવાખોરો અને કુકી બળવાખોરો વચ્ચે ગોળીબાર શરૂ થયો હતો.

## વિશેષ

### સામાન્ય વ્યક્તિ પણ પોતાની માતૃભાષામાં વોઇસ સર્ચ કરે છે : યુટ્યુબ પર ભારતીયો રોજ એક કલાક ૧૧ મિનિટ ગાળી રહ્યા છે

# વિડિયો સ્ટ્રીમિંગનો ક્રેઝ વધી ગયો

દેશમાં વિડિયો જોવાનો ક્રેઝ જોરદાર રીતે વધી ગયો છે. સામાન્ય વ્યક્તિની પાસે ઓછી કિંમતમાં સારા મોબાઈલ ફોન હવે પહોંચી ચુક્યા છે. મોબાઈલ ડેટા પણ ખુબ સસ્તા છે. આવી સ્થિતીમાં દરેક વ્યક્તિ સ્થાનિક ભાષામાં કન્ટેન્ટ જોઈ શકે છે. દેશમાં કેટલાક વિડિયો સ્ટ્રીમિંગ એપ્સ સારા કન્ટેન્ટ પેશ કરવામાં લાગેલા છે. અલબત્ત હજુ પણ યુ ટ્યુબ દેશમાં નંબર વન વિડિયો સ્ટ્રીમિંગ એપ તરીકે છે. આ ફ્રી પણ છે. તેના માટે કોઈ માસિક ચાર્જ લાગુ કરવામાં આવતા નથી. કેટલીક મોટી કંપનીઓ પણ વિડિયો સ્ટ્રીમિંગ એપ્સ સારા કન્ટેન્ટ પેશ કરવામાં લાગેલા છે. પરંતુ આના માટે યુઝર્સ પાસેથી માસિક અથવા તો વાર્ષિક ચાર્જ વસુલ કરવામાં આવે છે. આવી સ્થિતીમાં સામાન્ય વ્યક્તિ યુટ્યુબ પર જ સ્થાનિક ભાષાના વિડિયો જોઈ રહ્યા છે. કેટલાક યુઝર્સ સર્ચ બારમાં યોગ્ય વર્ડ ટાઈપ કરી શકતા નથી. આવી સ્થિતીમાં વોઈસ સર્ચ તેમના માટે ઉપયોગી સાબિત થાય છે. તેઓ બોલીને પોતાના પસંદગીના વિડિયો નિહાળી શકે છે. કેટલાક ભારતીય લોકો માટે તો ઈન્ટરનેટનો અર્થ જ ઓનલાઈન વિડિયો છે. પહેલા જ્યાં માત્ર મેટ્રો શહેરના લોકો ઙ ઈન્ટરનેટ કામમાં લેતા હતા. જો કે હવે શહેરો, ગ્રામીણ વિસ્તારો અને ગામોમાં રહેતા લોકો પણ સ્થાનિક ભાષામાં વિડિયો નિહાળી શકે છે. દેશમાં મોબાઈલ ડેટા સસ્તા થઈ ગયા બાદ આની ઉપયોગિતા અનેક ગણી વધી ગઈ છે. આવી સ્થિતીમાં સ્થાનિક ભાષામાં વિડિયો લાખોની સંખ્યામાં હાલમાં



**મોબાઇલ ડેટા સસ્તા થતા સ્થાનિક ભાષાના વિડિયોની બોલાબાલ**

નિહાળવામાં આવે છે. સામાન્ય વ્યક્તિ પણ પોતાની માતૃભાષામાં વોઈસ સર્ચ કરી શકે છે. યુટ્યુબ સુધી લાખો ભારતીય લોકોની પહોંચ થઈ ચુકી છે. ભારતમાં યુ ટ્યુબની વાત કરવામાં આવે તો કેટલીક નવી બાબત નિકળીને સપાટી પર આવી જાય છે. દરરોજ એક ભારતીય વિડિયો પર વધુને વધુ સમય ગાળે છે. વર્ષ ૨૦૨૧માં દરેક ભારતીય વિડિયો પર દરરોજ ૫૨ મિનિટ ગાળી રહ્યો હતો. આ સમય હવે વર્ષ ૨૦૨૩માં વધીને ૬૭ મિનિટ થઈ ગયો છે. વર્ષ ૨૦૨૩માં પણ વૈશ્વિક સ્તરની વાત કરવામાં આવે તો વિશ્વમાં દરેક વ્યક્તિ દરરોજ ૬૭ મિનિટ વિડિયો પર ગાળે છે. કેટલાક સ્થાનિક ભાષાના યુટ્યુબ સ્ટાર્સ ભારે ચર્ચા જગાવી રહ્યા છે. સ્થાનિક ભાષામાં યુટ્યુબ વ્યુઅરશીપની વાત કરવામાં આવે તો પણ આ સંખ્યા વધારે રહે છે. વર્ષ ૨૦૨૨ના આંકડાને ધ્યાનમાં લેવામાં આવે તો તેલુગુ ભાષામાં યુટ્યુબ વ્યુઅરશીપનો આંકડો ૬૭.૪ અબજનો રહ્યો હતો. આવી જ રીતે વર્ષ ૨૦૨૨માં તેલુગુ ભાષામાં યુટ્યુબ સ્થાનિક ભાષામાં વ્યુઅરશીપ આંકડો ૧૨.૭ અબજનો રહ્યો હતો. તમિળ, પંજાબી, મલયાલમ અને ભોજપુરી ભાષામાં પણ આંકડો ખુબ ઉંચો રહેલો છે. ભારતમાં ઈન્ટનેટ યુઝર્સની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. વર્ષ ૨૦૨૩ની વાત કરવામાં આવે તો આ સંખ્યા હવે વધીને ૬૨.૭ કરોડ સુધી પહોંચી ગઈ છે. વિડિયો નિહાળવા માટેનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની વાત કરવામાં આવે તો વિડિયો નિહાળતા લોકોમાં શહેરી વિસ્તારમાં વર્ષ ૨૦૨૧માં સંખ્યા ૨૯.૫ કરોડની આસપાસ હતી. આ સંખ્યા વર્ષ ૨૦૨૨માં વધીને ૩૩.૭ કરોડ સુધી પહોંચી ગઈ છે. આવી જ રીતે ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોની વાત કરવામાં આવે તો સંખ્યા વર્ષ ૨૦૨૧માં ૧૮.૬ કરોડજેટલી હતી. જે હવે વર્ષ ૨૦૨૩માં બદલાઈ ગઈ છે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ૯૭ ટકા મોબાઈલ યુઝર્સ પોતાના મોબાઈલ ડિવાઈસ પર ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૩ સુધી ૭૫ ટકા હિસ્સો વિડિયો સ્ટ્રીમિંગનો રહેનાર છે.

### સ્માર્ટ પેપર કમાન્ડથી ફોલ્ડ અને સમતલ થઇ શકશે : પોર્ટેબલ ડિવાઇસ હવાથી પાણી હાર્વેસ્ટ કરી શકવામાં સક્ષમ બની જશે

# ખાસ રિસર્ચ દુનિયા બદલવા તૈયાર

સમગ્ર દુનિયામાં વૈત્રાનિકો કેટલીક નવી નવી શક્યતાઓ અંગે માહિતી મેળવી રહ્યા છે. આના કારણે દુનિયા વધારે સલામત અને સુરક્ષિત બનવાની સાથે સાથે સુવિધામાં વધારો થનાર છે. કેટલીક એવી શોધ પર હાલમાં કામ ચાલી રહ્યુ છે જે ભવિષ્યમાં દુનિયાને બદલી નાંખવા માટે સક્ષમ છે. આ દિશામાં વૈજ્ઞાનિકો સફળ રીતે આગળ વધી રહ્યા છે. શુ તમને આ બાબતી માહિતી છે કે રશિયામાં જુરાસીક પાર્ક સ્ટાઈલમાં લેબ ખુલનાર છે. આની યોજના વિલુપ્ત પશુ પ્રજાતિઓને ફરી એકવાર જીવિત કરવા માટેની રહેલી છે. આ એક પ્રકારની ક્લોનિંગ લેબ પણ છે. જેમાં હજારો વર્ષ પહેલાના પ્રાણીઓ પણ જોવા મળનાર છે. સમગ્ર દુનિયામાં આ પ્રકારના અનેક વૈજ્ઞાનિક ડેવલપમેન્ટ થઈ રહ્યા છે. જે મોટી સફળતા તરીકે આગળ વધી શકે છે. હાલમાં એક એવી શોધ પણ ઓસ્ટ્રેલિયામાં ચાલી રહી છે જેના કારણે કઇ ઈમારત ધરાશાયી થનાર છે તે અંગે માહિતી મળી જશે. એઓસ્ટ્રેલિયન શોધ કરનાર લોકો દ્વારા એક પ્રકારના ખાસ ટુલ્સ વિકસિત કરવા પર કામ ચાલી રહ્યુ છે. જે કેટલીક રાહત આપનાર છે. આ એવા ટુલ વિકસિત કરવામાં આવી રહ્યા છે જેના કારણે કોઈ ઈમારત ક્યારેય ક્રેક થનાર છે અથવા તો તુટી જાનાર છે તે સંબંધમાં માહિતી મળી જશે. ઈમારતની આધારશીલા કઈ રીતે સરકી રહી છે તે પણ જાણી શકાશે. આ ગ્રાઉન્ડ મોશન પેટર્નનુ મુલ્યાંકન કરવા માટે એપ્લાઈડ મેથ અને બિગ ડેટા એનાલીસીસ કરે છે. આ લેન્ડસ્લાઈટ્સના સમયને ટ્રેક કરે



**ટેક વર્લ્ડ : બિલ્ડિંગ પડશે તે બે સપ્તાહ પહેલા જાણી શકાશે**

છે. અન્ય એક શોધ એવી પણ થઈ રહી છે જેના કારણે હવે ક્લોથિંગમાં લગાવવામાં આવેલા ઈલેક્ટ્રોનિક્સ મારફતે વાતચીત પણ કરી શકાય છે. શોધ કરનાર લોકોએ એક એવા સાધન તૈયાર કરવામાં સફળતા મેળવી છે જે એમ્બેડેડ ઈલેક્ટ્રોનિક્સવાળા એવા ફાઈબર બનાવ્યા છે. જે ફ્લેક્સિબલ છે. જેમને સોફ્ટ ફેબ્રિક્સમાં મુકી શકાય છે. તેમને વિયરેબલ ક્લોથિંગના રૂપમાં બનાવવામાં આવે છે. ઓટો ઈલેક્ટ્રોનિક્સ સેમી કમ્ડક્ટર ડિવાઈસ સાથે અલગ પડી ગયા બાદ પણ તેને ધોવા લાયક ફેબ્રિક્સમાં નાંખી શકાય છે. તે ક્લોથિંગ ડિવાઈસ સાથે વાતચીત કરી શકે છે. બીજી બાજુ એક સ્માર્ટ પેપર બનાવવા માટેની રીત વિકસિત કરવામાં આવી રહી છે. કન્ડક્ટિંગ થર્મોપ્લાસ્ટિકની પાતળી લેયર સામાન્ય પેપર પર એપ્લાય કરવામાં આવનાર છે. જે રિવર્સેબલ એક્યુએટર તરીકે કામ કરનાર છે. જ્યારે ઈલેકક્ટ્રિકલ કરન્ટ અપ્લાય કરવામાં આવે છે ત્યારે થર્મોપ્લાસ્ટિક ગરમ થઈને વિસ્તૃત બની જાય છે. જેના કારણે પેપર ફોલ્ડ થઈ જશે. જ્યારે કરન્ટ હટાવી દેવામાં આવશે ત્યારે પેપર પોતાના જુના સેપમાં પરત આવી જશે. આવી જ રીતે બ્રિટીશ વૈજ્ઞાનિકો દ્વારા પણ એક ખાસ શોધ પર કામ કરવામાં આવી રહ્યુ છે. જેના ભાગરૂપે સનલાઈટને કામ લઈને આગળ વધવામાં આવી રહ્યુ છે. પાણીને આના કારણે ડ્રાઈડ્રોજન અને ઓક્સીજનમાં બદલી નાંખવામાં આવનાર છે પાણીને તોડીને સનલાઈટને ફ્યુઅલમાં ફેરવી નાંખવામાં આવનાર છે.યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજની એક ટીમ દ્વારા આ દિશામાં કામ કરવામાં આવી રહ્યુ છે. જેના ભાગરૂપે સેમી આર્ટિફિશિયલ ફોટોસિન્થેસિસને કામમાં લઈને સોલર એનર્જી ઉભી કરવામાં આવનાર છે. અન્ય એક શોધની વાત કરવામાં આવે તો વિશાળ અને વિરાટ સ્વરૂપમાં મેગલન ટેલિસ્કોપનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. જે ચિલિયન માઉન્ટેન રેન્જની શિખર પર છે જેમાં કોહેરેન્ટ ઓપ્ટિકલ સિસ્ટમ છે. જેના કારણે તે હબલ સ્પેસ ટેલિસ્કોપથી ૧૦ ગણા વધારે શાર્પ ઈમેજ પ્રોડ્યુસ કરી શકે છે. લેજર આધારિત ઓપ્ટિકલની મદદથી ટેલિસ્કોપ વાતાવરણમાં રહેલી દરેક પ્રકારની શક્યતાને ચકાસી શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### સુરતમાં ગેમ રમી રહેલો છોકરો ૧૧માં માળેથી નીચે પટકાયો

। સુરત, તા.૮ ।

સુરતમાંથી એક રહસ્યમયી મોતના સમાચાર સામે આવ્યા છે, સુરત શહેરમાં સિટીલાઈટના ક્રિસ એસ્કલેવમાં એક કરુણ મોતની ઘટના ઘટી છે. ૧૪ વર્ષીય તરુણ એસ્કલેવના ૧૧માં માળેથી નીચે પટકાયો અને તેનું મોત થઇ ગયુ હતુ, જોકે, આ આપઘાત છે કે અકસ્માત તે અંગે હજુ કોઈ ખુલાસો થયો નથી. માહિતી છે કે સુરતમાં આવેલા સિટીલાઈટના ક્રિસ એસ્કલેવમાં એક ૧૪ વર્ષીય તરુણ મોબાઈલમાં મશગૂલ હતો તે સમયે તે ૧૧માં માળેથી નીચે પ ટકાયો હતો, આ પછી તેનું મોત થઇ ગયુ હતુ. આ ૧૪ વર્ષીય તરુણનું નામ અયાન જ્યારે ટ્યૂશનથી ઘરે આવ્યો ત્યારે આ ઘટના ઘટી હતી. ક્રિશ એસ્કેલેવમાં રહેતા તરુણના પિતા જીગર વિદાણી જે હીરાના વેપારી છે, તે દરમિયાન કાર રિપેર કરાવવા ગયા હતા, અને ઘરે દીકરો એકલો જ હતો. આ મૃતક કિશોર હીરા ઉદ્યોગપતિ ચંદ્રકાંત સંઘવીનો દોહિત્ર છે. મૃતક ધોરણ ૯માં અભ્યાસ કરતો હતો, અને જ્યારે તે ૧૧માં માળેથી નીચે પ ટકાયો તો તેને ગંભીર રીતે ઈજાઓ પહોંચી હતી.

### ચાંદી ગેન્ગના ગુંડાઓએ એક શખ્સ પર લાકડીઓના ફટકા મારીને જીવલેણ હુમલો કર્યો

। સુરત, તા.૮ ।

સુરત શહેરમાં અસામાજિક તત્વોનો આતંક સતત વધી રહ્યો છે, શહેરમાં એક મારામારીની ઘટનાથી સમગ્ર પથંકમાં ભયનો માહોલ છવાઇ ગયો છે. ખરેખરમાં શહેરમાં અસામાજિક તત્વોની બનેલી ચાંદી ગેન્ગના ગુંડાઓએ એક શખ્સ પર લાકડીઓના ફટકા મારીને જીવલેણ હુમલો કર્યો છે. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ ગઇ છે. મળતી માહિતી પ્રમાણે, શહેરમાં તાજેતરમાં જ લસ્સી ગેન્ગ પાંજરે પુરાયા બાદ વધુ એક ગેન્ગ સક્રિય બની છે, આ ગેન્ગનુ નામ ચાંદી ગેન્ગ છે. વાત એમ છે કે, ચાંદી ગેન્ગના માથાભારે ગુંડા બિલાલ ચાંદીએ કુરશીદ સૈયદ નામના શખ્સ પર હુમલો કર્યો છે. આ ઘટનામાં ચાંદી ગેન્ગના ત્રણથી વધુ સાગરિતોએ કુરશીદ સૈયદ પર લાકડીઓના ફટકા મારીને હુમલો કર્યો હતો. જેમાં કુરશીદ સૈયાદ ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ ગઇ હતી. આ પછી ચાંદી ગેન્ગ વિરુદ્ધ શહેરના

# કચ્છમાં દર્દીનું કોંગોથી મોત થતાં ખળભળાટ મચી જવા પામ્યો

## કચ્છમાં કોંગો તાવ એટલે કે ક્રેમિયન કોન્ગો હેમરેજિક ફીવરનો કેસ નીકળતાં આરોગ્ય તંત્ર અને પશુપાલન વિભાગ દોડતું થયું

। કચ્છ, તા.૮ ।

કચ્છમાં દર્દીનું કોંગોથી મોત થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. અંજારના લાખાપર ગામના ૫૧ વર્ષીય પ્રૌઢનું અમદાવાદમાં સારવાર દરમિયાન મોત થયું છે. મોત બાદ ૧૩ જેટલા પરિવારજનોના સેમ્પલ ટેસ્ટ કરાયા હતા. સેમ્પલ લઈ ગેઈમ્સની લેબોરેટરીમાં મોકલવાયા હતા, જે નેગેટિવ આવ્યા છે. આ અંગે અમદાવાદથી મેડિસીન વિભાગના પ્રોફેસરે ભુજમાં બેઠક યોજી હતી તમને જણાવી દઈએ કે પશુઓમાં રહેલી ઈતરડીથી કોંગો ફેલાય છે.

કચ્છ જિલ્લા પંચાયતના રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. જિતેશ ખોરસિયાએ જણાવ્યું હતું કે,૧૮મી જુને અંજાર તાલુકાના લાખાપર ગામના ૫૧ વર્ષીય અરજણ ભાઈ ચાડને ચાંદરાણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમે શંકાસ્પદ કોંગોનો કેસ શોધ્યો હતો. કચ્છમાં કોંગો તાવ એટલે કે ક્રેમિયન કોન્ગો હેમરેજિક ફીવરનો કેસ નીકળતાં આરોગ્ય તંત્ર અને




પશુપાલન વિભાગ દોડતું થયું હતું. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જરૂરી પ્રાથમિક સારવાર પૂરી પાડ્યા બાદ આ દર્દીને અંજારની ખાનગી હોસ્પિટલમાં વધુ સારવાર આપવામાં આવી હતી.

અંજારની ખાનગી હોસ્પિટલમાં સારવાર આપ્યા બાદ દર્દીને ૨૬મી જૂનના અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં વધુ સારવાર માટે લઈ જવાયા હતા, જ્યાં લો બ્લડ પ્રેશરના કારણે તેમનું મોત થયું હતું. મૃત્યુ બાદ અરજણ ચાડના નજીકના ૧૩ જેટલા સગા-સંબંધીના સિરમ સેમ્પલ લઈ ભુજની જી.કે.જનરલ હોસ્પિટલમાં ગેઈમ્સની લેબોરેટરીમાં મોકલવાયા હતા જે નેગેટિવ આવ્યા હતા. કોંગો તાવના લક્ષણો અંગે વાત કરતા ડૉ.જીતેશ ખોરસિયાએ જણાવ્યું હતું કે, આ રોગ પશુઓમાં જોવા મળતી ઈતરડીના કારણે થયા છે અને રોગમાં સખત તાવ આવે છે અને સંડાસમાં ખુબ જ લોહી પડે છે. ઉપરાંત શરીરની આખી ચામડી ખોટી પડી જાય છે. જો કોઈ પણ પશુપાલકોને આવા લક્ષણો જણાય તો તાત્કાલિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર સારવાર લેવી તેમજ કચ્છ જિલ્લા પંચાયત કે આરોગ્ય કેન્દ્રનું સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. અને રોગમાં સખત તાવ આવે છે અને સંડાસમાં ખુબ જ લોહી પડે છે. ઉપરાંત શરીરની આખી ચામડી ખોટી પડી જાય છે. જો કોઈ પણ પશુપાલકોને આવા લક્ષણો જણાય તો તાત્કાલિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર સારવાર લેવી તેમજ કચ્છ જિલ્લા પંચાયત કે આરોગ્ય કેન્દ્રનું સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કેમિકલયુક્ત પાણી છોડનારા ઔદ્યોગિક એકમોને તાળા મરાશે

। અમદાવાદ, તા.૮ ।

શહેરમાં ગટર અને સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈનમાં ગેરકાયદે કનેક્શનની સમસ્યા દિન-પ્રતિદિન વકરતી જાય છે. આના કારણે ગટર બેક મારવી કે પછી નજીવા વરસાદમાં વરસાદી પાણી જમા થઈ જવાની સમસ્યા સર્જાતી જોવા મળે છે. શહેરના પૂર્વ વિસ્તારમાં ગટર બેક મારવાનો પ્રશ્ન જટિલ બનતો જાય છે. તેમાં પણ કેમિકલયુક્ત પાણી અનેકવાર રોડ પર ફરી વળતાં હોવાથી વિદ્યાર્થીઓને આવાં પાણીમાંથી પસાર થઈને શાળાએ જવાની ફરજ પડે છે. આવાં કેમિકલયુક્ત પાણીથી ચામડીને લગતા વિભિન્ન રોગો પણ થાય છે. મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારસને નાગરિકોનાં સ્વાસ્થ્ય સાથે ગુનાઈત ચેડાં કરનારાં આવાં તત્ત્વો સામે લાલ આંખ કરી છે. ઓઢવ જીઆઈડીસીમાં કેટલાક એકમો ડ્રેનેજ લાઈનમાં ગેરકાયદે કનેક્શન જોડી દેતા હોવાનું જાણવા મળતાં કમિશનરે આવા એકમો સામે પોલીસમાં ફરિયાદ કરવાની સંબંધિત ઈજનેર વિભાગને તાકિદ કરી છે.પૂર્વ અમદાવાદમાં ગટરો બેક મારવાની સમસ્યાની સાથે સાથે વરસાદી પાણી જમા થઈ જવાનો પ્રશ્ન પણ લોકોને હાડમારીમાં મૂકી રહ્યો છે. આ બંને બાબતો માટે ડ્રેનેજ લાઈન અને સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈનમાં જોડાતા ગેરકાયદે કનેક્શન મુખ્યત્વે જવાબદાર છે. આ બાબતની ગંભીરતા સમજીને મ્યુનિસિપલ કમિશનરે સંબંધિત ઈજનેર વિભાગને આવાં ગેરકાયદે કનેક્શનોને શોધવાની ઝુંબેશને વધુ વેગવાન બનાવવાની તાકીદ પણ કરી છે. જે તે ઝોનના ઈજનેર વિભાગને આવાં ગેરકાયદે કનેક્શન મળવા પર તે બાબતે કસૂરવાર ધંધાર્થીઓ સામે પોલીસમાં ફરિયાદ (એફઆઈઆર) દાખલ કરવાની કડક સૂચના પણ મ્યુનિ. કમિશનરે આપી છે.

ખાસ કરીને ઓઢવ જીઆઈડીસી વિસ્તારમાં અમુક ધંધાર્થી ખુલ્લેઆમ ડ્રેનેજ લાઈનમાં ગેરકાયદે કનેક્શન જોડીને પોતાના એકમોનો ગંદાં પાણી સહિતનો કચરો ઠાલવતા હોવાની વિગતો પણ પ્રકાશમાં આવી છે, જે અંગે મ્યુનિસિપલ કમિશનર થેન્નારસનને પણ જાણ થતાં તેમણે પૂર્વ ઝોનના ઈજનેર વિભાગને આવા ધંધાર્થીઓ સામે તાકીદે પોલીસ ફરિયાદ કરીને તેમની સામે કઠોર પગલાં ભરવાનો આદેશ આપ્યો છે. આ અંગે પૂર્વ ઝોનના એડિશનલ સિટી ઈજનેર રતનજી કરેણને પૂછતાં તેઓ જણાવે છે કે, ગઈ કાલે ઓઢવ જીઆઈડીસી નજીકના અંબિકાનગર ખાતે આ પ્રકારનું ગેરકાયદે કનેક્શન મળી આવ્યું હતું.

આ કનેક્શનને કાપ્યા બાદ તે અંગે ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા માટે સ્ટાફને રવાના કર્યો છે.ઓઢવ જીઆઈડીસીના મામલે પૂછતાં તેઓ વધુમાં કહે છે કે, ગયા અઠવાડિયે ઓઢવ જીઆઈડીસીના ૫ ઇંચ ગેરકાયદે કનેક્શનને કાપવામાં આવ્યાં હતાં. આ તમામ પ્રકારના કિસ્સામાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (જીપીસીબી)ના ચેરમેન આર.બી. બારડને પણ વિશ્વાસમાં લેવાયા છે. જીપીસીબી સમક્ષ ડોક્યુમેન્ટ અને સેમ્પલ રજૂ કરાશે. તેના આધારે જે તે કસૂરવાર એકમનો ધંધાર્થીઓને ટોરન્ટનું ક્લોઝર પણ મોકલવામાં આવશે. તેમજ સીલ સુદ્ધાં મરાશે. આ કનેક્શનને કાપ્યા બાદ તે અંગે ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા માટે સ્ટાફને રવાના કર્યો છે.ઓઢવ જીઆઈડીસીના મામલે પૂછતાં તેઓ વધુમાં કહે છે કે, ગયા અઠવાડિયે ઓઢવ જીઆઈડીસીના ૫ ઇંચ ગેરકાયદે કનેક્શનને કાપવામાં આવ્યાં હતાં. આ તમામ પ્રકારના કિસ્સામાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (જીપીસીબી)ના ચેરમેન આર.બી. બારડને પણ વિશ્વાસમાં લેવાયા છે. જીપીસીબી સમક્ષ ડોક્યુમેન્ટ અને સેમ્પલ રજૂ કરાશે. તેના આધારે જે તે કસૂરવાર એકમનો ધંધાર્થીઓને ટોરન્ટનું ક્લોઝર પણ મોકલવામાં આવશે. તેમજ સીલ સુદ્ધાં મરાશે.

### અમદાવાદનો ચોંકાવનારો કિસ્સો

# મને માતાજીએ તમારા ઘરે મોકલ્યો છે: કિન્નર વિધિના બહાને છેતરીને ફરાર

। અમદાવાદ, તા.૮ ।

અમદાવાદ શહેરના ન્યૂ રાણીપ વિસ્તારમાં વિધિ કરવાના બહાને કિન્નર એક પરિવાર પાસેથી એક જોડી કપડાં અને ૨૨,૩૨૧ રૂપિયા લઈ ફરાર થઈ જતાં મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો છે. તમે બહુચરાજી માતાના ભગત છો અને ભક્તિમય વિચારો ધરાવો છો એટલે હું તમારા ઘરે આવ્યો છું, મને માતાજીએ તમારા ઘરે મોકલ્યો છે, મારે તમારા ત્યાં એક વિધિ કરવી છે, જેનાથી તમારી બધી જ તકલીફ દૂર થઈ જશે તેમ કહી એક પરિવારને વિશ્વાસમાં લીધો હતો. વિશ્વાસમાં આવી જતાં પરિવારે કિન્નરને ઘરે બોલાવ્યા હતા. જ્યાં વિધિ કરવાના બહાને તેણે ચીટિંગ આચર્યું છે. અમદાવાદના ન્યૂ રાણીપ વિસ્તારમાં આવેલા આશ્રય એપાર્ટમેન્ટમાં રહેતા પ્રજ્ઞેશ રામીએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં એક કિન્નર વિરુદ્ધ ચીટિંગની ફરિયાદ કરી છે. પ્રજ્ઞેશ રામી મૂળ મહેસાણા જિલ્લાના પિલવાઈ ગામના રહેવાસી છે. છેલ્લા ઘણા સમયથી પ્રજ્ઞેશ તેમનાં પત્ની, દીકરા ખુશાલ અને દીકરી બંસરી સાથે ન્યૂ રાણીપમાં રહે છે. ગઈ કાલે સવારે પ્રજ્ઞેશ પત્ની ધારા અને દીકરા ખુશાલ સાથે ઘરે હાજર હતા ત્યારે એક કિન્નર




દરવાજા પાસે આવીને ઊભા હતા. કિન્નરને જોતાંની સાથે જ પ્રજ્ઞેશ તેમની પાસે ગયા હતા. પ્રજ્ઞેશના ઘરની બહાર બહુચર માતાનો ફોટોગ્રાફસ લગાવેલો હતો, જે જોઈ કિન્નરે તેની સાથે ચીટિંગ કરવાનો પ્લાન બનાવી લીધો હતો.કિન્નરે પ્રજ્ઞેશને કહ્યું હતું કે, તમે બહુચરાજી માતાના ભગત છો અને ભક્તિમય વિચારો ધરાવો છો એટલે હું તમારા ઘરે આવ્યો છું, મને માતાજીએ તમારા ઘરે મોકલ્યો છે, મારે તમારા ત્યાં એક વિધિ કરવી છે, જેનાથી તમારી બધી જ તકલીફ દૂર થઈ જશે. માતાજીનું નામ આપતાંની સાથે જ પ્રજ્ઞેશને તેના ઉપર વિશ્વાસ આવી ગયો હતો, જેથી તેમણે કિન્નરને પોતાના ઘરમાં બોલાવ્યા હતા. કિન્નરે પહેલાં પ્રજ્ઞેશ અને તેમના પરિવાર સાથે ભક્તિ તેમજ પારિવારિક વાતચીત કરી હતી, જેના કારણે પ્રજ્ઞેશનો વિશ્વાસ વધી ગયો હતો.


કિન્નરે પ્રજ્ઞેશ, ધારા અને ખુશાલને સામે બેસાડીને વિધિ કરવાનું શરૂ કર્યું હતું. વિધિ થઈ ગયા બાદ કિન્નરે એક જોડી કપડાં અને ૨૨,૩૨૧ રૂપિયાની માગણી વિધિ માટે કરી હતી. પ્રજ્ઞેશે એક જોડી કપડાં અને ૨૨,૩૨૧ રૂપિયા આપ્યા હતા, જેને એક કપડામાં મુકાવીને કિન્નરે દોરીથી પોટલું બનાવી દીધું હતું. આ પોટલું કિન્નરે ખુશાલના હાથમાં આપીને ઘર બહાર સુધી મૂકવા આવવાનું કહ્યું હતું. કિન્નરે આ પોટલું ખુશાલ પાસેથી લઈ લીધું હતું અને કહ્યું હતુ કે ઘરે જતો રહે અને પાછું ફરીને જોતો નહીં. ખુશાલ ઘરમાં આવી ગયો ત્યારે કિન્નર નાસી જતાં પ્રજ્ઞેશને ખબર પડી કે તેમની સાથે ચીટિંગ થયું છે.

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પત્રકારત્વ ભવન હવે આસી. પ્રોફેસરનાં હવાલે

। અમદાવાદ, તા.૮ ।

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં યુનિવર્સિટીમાં રોજ કોઈ નવો વિવાદ ઉભો થતો જ રહે છે. જેના લીધે યુનિવર્સિટી ચર્ચાનાં ચગડોળે ચડી છે. ત્યારે પાંચ દિવસ પહેલા જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં ભ્રષ્ટ્રાચારને ઉજાગર કરતી કવિતાનાં લીધે યુનિવર્સિટીનાં ગુજરાતી ભવનનાં વડાને સસ્પેન્ડ કરી તેઓની સામે ખાતાકીય તપાસ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. જે વિવાદ હજુ શાંત થયો નથી ત્યાં જ પત્રકારત્વ વિભાગનાં અધ્યક્ષ નીતાબેન ઉદાણીએ અચાનક જ રાજીનામું આપી દેતા સમગ્ર મુદ્દો સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત રાજકોટ શહેરમાં ટોક ઓફ ધ ટાઉન રહેવા પામ્યો હતો.રાજકોટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિના જોહુકમીભર્યા શાસનથી અધ્યાપકો કંટાળી ગયા હોય તેવો માહોલ છે. ત્યારે મળતી માહિતી મુજબ ડો.ભિમાણીએ સામે પડેએ સસ્પેન્ડની ફોર્મ્યુલા અપનાવતા હવે અધ્યાપકો પણ ફફડી રહ્યા છે. આ માહોલ વચ્ચે પત્રકારત્વ ભવનના અધ્યક્ષે હેડશીપમાંથી મુક્તિ માગી છે. કાર્યકારી કુલપતિ ડો.ગિરીશ ભિમાણીના તુમાખીભર્યા સ્વભાવને લીધે અધ્યાપકો, અધિકારીઓ, કર્મીઓમાં આંતરિક રોષ ફેલાયો છે. દરમિયાન જર્નાલિઝમ ભવનના હેડના અચાનક નિતાબેન ઉદાણી એ અધ્યક્ષપદમાંથી મુક્તિના નિર્ણયે ચર્ચા જગાવી છે.




### સંતરામપુરના ઉખરેલી ગામે નદીમાં ન્હાવા પડેલ બે યુવાન ડૂબ્યા



। સંતોષ જોષી, મહીસાગર, તા.૮ ।

સંતરામપુરના ઉખરેલી ગામે નદીમાં ન્હાવા પડેલ બે યુવાન ડૂબ્યા છે. એક યુવાનના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો છે જ્યારે અન્ય એક યુવાનની શોધખોળ ચાલી રહી છે. આ અંગે સામે આવેલી વિગતો અનુસાર ઉખરેલી ગામમાં નદીમાં ૧૦ થી ૧૨ જેટલા યુવાનો ન્હાવા પડ્યા હતા. અન્ય તમામ યુવાનોને હેમખેમ બહાર કાઢવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા સંતરામપુર વહીવટી તંત્ર, ૧૦૮ ની ટીમ અને પોલીસ ઘટના સ્થળે પહોંચી છે. ડૂબવાની ઘટનાને લઈને મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા.




### ગિરનાર પરથી એક શ્રદ્ધાળુ પરિક્રમા કરતા સમય જંગલ વિસ્તારમાં ગાયબ થયા

। જૂનાગઢ, તા.૮ ।

જૂનાગઢના ગરવા ગઢ ગિરનાર પરથી એક શ્રદ્ધાળુ પરિક્રમા કરતા સમય જંગલ વિસ્તારમાં ગાયબ થયાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. જેની જાણ ભવનાથ પોલીસ સ્ટેશનમાં થતા પોલીસે એસ.ડી.આર.એફ અને ફોરેસ્ટ વિભાગની ટીમને સાથે રાખી શ્રદ્ધાળુની શોધખોળ હાથ ધરી હતી. આ શ્રદ્ધાળુનું છેલ્લું લોકેશન ગિરનાર પર્વતના ૨૦૦૦ પગથિયાએ સંત વેલનાથ જગ્યા પર હોવાનું જાણવા મળ્યું હતું. જે જાણ્યા બાદ આગળની શોધખોળ હાથ ધરાઈ હતી. જે બાબતે શોધખોળ હાથ ધરાતા ગિરનાર પર્વતના વિસ્તારમાંથી આ શ્રદ્ધાળુનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. જેમનું નામ મદન મોહન જૈન હતું અને આ શ્રદ્ધાળુ મૂળ મધ્યપ્રદેશના હતા. અત્રે જણાવીએ કે, તેઓ જૈન દેરાસર ખાતે દર્શન અર્થે તેઓ આવ્યા હતા.દૃ તેઓ ઘાટાદાર જંગલમાં અંદર જતા રહ્યા હતા અને જંગલની ઝાડીઓમાં જઈ ફસાઈ ગયા હતા. જંગલમાં અવાજ કરતાં સામેથી પણ અવાજ આવ્યો હતો જેને લઈ એસ.ડી.આર.એફ તેમજ વન વિભાગ અને પોલીસ દ્વારા સંયુક્ત રીતે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

### સુરેન્દ્રનગરના યુવક પર વેપારીનો અસહ્ય ત્રાસ

# ધ્રાંગધ્રામાં વેપારીએ તેના ત્યાં નોકરી કરતા યુવક સાથે ગેરવર્તન કરાયું

## વેપારીના અસહ્ય ત્રાસથી કંટાળી જઈને આખરે પોલીસ મથકે યુવક પહોંચ્યો હતો, જ્યાં વેપારી સાથે ત્રણ લોકો સામે ફરીયાદ નોંધાવી હતી

। સુરેન્દ્રનગર, તા.૮ ।

સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રામાં વેપારીએ તેના ત્યાં નોકરી કરતા યુવક સાથે ગેરવર્તન કરીને માર મારવાને લઈને પોલીસ ફરિયાદ નોંધાવી છે. દુકાનમાં નોકરી કરવા દરમિયાન વેપારી દ્વારા તેને અવારનવાર ઘરે કામ કરવા માટે મોકલવામાં આવતો હતો. આ દરમિયાન તેના ઘરમાંથી ત્રણ ચાર તોલા સોનાના દાગીના ચોરી થયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. દાગીના ચોરી થવાને લઈને દુકાનના નોકરી કરતા યુવક પર આરોપ મુકવામાં આવ્યો હતો. દુકાનની નોકરી છોડી દઈને યુવક સુરેન્દ્રનગરમાં પાણીપુરીની દુકાન શરુ કરી હતી. જ્યા પહોંચીને પણ તેને પરેશાન કરવામાં આવતો હતો. જ્યાં પાણીપુરીના ધંધા પર પહોંચીને તેની પર આરોપો લગાવીને બોલચાલ કરવામાં આવતી હતી અને યુવક વિરુદ્ધ ફરીયાદ કરવામાં આવી હતી. આમ વેપારીના અસહ્ય ત્રાસથી કંટાળી જઈને આખરે પોલીસ મથકે યુવક પહોંચ્યો હતો. જ્યાં વેપારી સાથે ત્રણ લોકો સામે ફરીયાદ નોંધાવી હતી.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨